
vaDtaal shri





અ.નિ.પ.પૂ.જોગી સ્વામીના જીવનની યાદગાર તસ્વીરો

અ.નિ.પ.પૂ.જોગી સ્વામીના અંતિમ સંસ્કાર વિધિમાં જોડાયેલા અનેક સંતો-ભક્તો તથા મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી



વડતાલધામને આંગણે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રદાસજી મહારાજ તથા વડીલ સંતોના સાનિધ્યમાં યોજાયેલ અ.નિ.પ.પૂ. જોગીસ્વામીના ગુણાનુવાદની સભા...




Wedb Site :
www.vadtalmandir.org

E-mail address :
vsm@vadtalmandir.org
vsm191@yahoo.co.in

**Subscription**

(india)
1 year ₹. 50
Lifetime ₹. 500,
For Other Countries
(airmail) ₹. 6750
(lifetime)

# Shree Vadtaldham Satsang

Year - 2
Volume - 7
September - 2011

હાંરે સખી ના'વા પધારે મહારાજ રે જીવન જમુનામેં;
સાથે લીધો છે સરવે સમાજ રે વ્રજને વિસામે.

હળવા રે હળવા વાલો હાલે બજારે,
હાંરે ઊંભા નગરવાસી પ્રાણ વારે રે...જીવન ૧

છત્ર ચમર શિર ઉપર રાજે,
હાંરે આગે અગણિત વાજાં વાજે રે...જીવન ૨

ઊતર્યા ગોવિંદ જમુનામેં નાવા,
હાંરે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવા રે...જીવન ૩

ગિરધર નહાય ને ગોપીઓ ગાય,
હાંરે જોઈ પ્રેમાનંદ વારી જાય રે...જીવન ૪

**OWNER,PUBLISHER,PRINTER & EDITOR :** CHIEF EXECUTIVE KOTHARI SHREE SHASTRI SWAMI NILKANTHCHARANDASJI GURU SWAMI HARIJIVANDASJI For Vadtal Temple Managing Trusty Board. Printing Press Laxminarayan Dev Offset Shree Swaminarayan Mandir, At. & Post : Vadtal, Tal. Nadiad, Dist.Kheda(Guj.) – Pin.387375,Ph.(0268) 2589728,2589776

# આશીર્વચન... - પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજીમહારાજ

## અ.નિ. જોગી સ્વામીની ગુણાનુવાદ સભા (વડતાલ)માં આપેલ આશીર્વચનમાંથી પૂજ્ય મહારાજશ્રીના શબ્દો....

આપણને બહુ આનંદ થાય અને સાથો સાથ ગૌરવ પણ થાય એવી આજની આ સભા છે. કારણ કે આપણે સૌ ભેગા થઈને એવા સંતની ગુણાનુવાદ સભામાં ઉપસ્થિત છીએ કે જેણે શ્રીમહારાજની રૂચિ અને મહારાજના અભિપ્રાય પ્રમાણે પોતાની સાધુતાને ચરિતાર્થ કરી છે એવા સંતની ગુણાનુવાદ સભામાં આપણે છીએ.

સ્વામીના જીવન વિશે અને એમના અનુભવ વિશે સંપ્રદાયના મૂળ તમામ વિદ્વાન સંતોએ પોતાની ઉર્મિઓ ને પોતાની ભાવનાઓ રજૂ કરી છે. છેલ્લા ૭-૮ વર્ષથી આચાર્ય તરીકે આહુત થયા પછી સ્વામીની સાથે ઘણી વખત ભેગા થવાનુ થયુ પણ સ્વામી કંઈક પોતાની અલૌકિક મુદ્રામાં વ્યસ્ત રહેતા હતા. હુ સ્વામીને બહુ નજીકથી નિહાળતો અને જે કંઈ સમજવાનો પ્રયાસ કરતો તેના આધારે એક એવા મત ઉપર અમે આવ્યા કે શ્રીજીમહારાજે કહ્યું કે સાધુતાની અંદર એક નિઃસ્પૃહીપણુ આવી જાય. સાધુતાની અંદર નિર્માણીપણું આવી જાય તો સાધુતા ને ચાર ચાંદ લાગી જાય. આજે આપણે એક એવા સંતની સભામાં છીએ કે જે સંતે પોતાનું નિઃસ્પૃહી જીવન સાર્થક કરી બતાવ્યું છે.

માધવપ્રિય સ્વામીએ પોતાના છેલ્લા વક્તવ્યમાં બહું સરસ વાત કરી કે, તેઓ હંમેશા વહીવટ અને વ્યવહારથી દુર રહેતા કારણ કે સાધુપણુ આવવુ બહુ કઠણ છે. શ્રીજી મહારાજે એવી વ્યવસ્થા ઉભી કરી છે કે એક બાજુ તપ કરવાનું અને બીજી બાજુ સંપ્રદાયના અને મંદિરના વિકાસના કાર્યો કરવાના હોય એટલે સહેજે સહેજે વ્યવહારની અંદર આવવું પડે. આ બંને વસ્તુનું જે બેલેન્સ કરીને ચાલવુ બહુ કઠણ છે. કાંતો તમે તપ કરી શકો કાંતો તમે વહીવટ કરી શકો. પણ સ્વામીમાં મને એમ લાગે કે સ્વામીએ શ્રીજીમહારાજને રાજી કરવા માટે તપનો માર્ગ પસંદ કર્યો છે. એના કારણે આજે સ્વામીની કીર્તિ અને પ્રસિદ્ધિના પડઘમ વાગે છે. કોઈ પણ સંતને વિશે શ્રદ્ધાંજલિ સુમન અર્પિત કરવા હોય તો સૌથી મહત્વની વાત એ છે કે આપણે એના ગુણનુ ગુણાનુવાદ કરીએ છીએ તે ગુણ આપણામાં આવે તે જરૂરી છે. કારણ કે પ્રસિદ્ધિની યાત્રા એવી છે કે જ્યાંથી પડતા વાર લાગતી નહિ. જેમ ગૃહસ્થમા જીવનની અંદર આપણુ જીવન સારામા સારુ જીવન હોય ગમે તેવી ઈમાનદારીથી આપણુ જીવન વ્યતીત કરતા હોઈએ પણ કોઈ કુસંગત લાગી જાય કે માણસને છેવટે ટોચ પરથી પછાડી દેતુ હોય છે એમ સાધુના જીવનમાં પણ ગમે તેટલુ તપ, જ્ઞાન, વૈરાગ્ય, ભજન આપણે કરતા હોઈએ ત્યારે કોઈ ક્ષણ એવી આવતી હોય કે જ્યારે સાધુતાને પણ દાગ લાગી જતાં હોય છે ત્યારે સ્વામીએ પોતાના જીવન દ્વારા એ પ્રમાણિત કરી બતાવ્યુ છે. ખરેખર મહારાજને હૃદયમાં રાખી અહોનિશ મહારાજનું ધ્યાન કરીએ, ભજન કરીએ તો શ્રીજી મહારાજ સંતની રક્ષા કરવા માટે સદૈવ તૈયાર છે. એવો આપણો સ્વામિનારાયણ સંપ્રદાયનો ઈતિહાસ છે. બહુ આનંદ થાય છે. બધા સંતોની પાસેથી આપણે સંતોનો મહિમા સાંભળ્યો. મહારાજે વચનામૃતની અંદર નિષ્કુળાનંદ કાવ્યની અંદર દરેક જગ્યાએ સંતના ખૂબ વખાણ કર્યા છે અને વખાણની સાથો સાથ સાવધાન પણ કર્યા છે કે જે ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે છે તે અત્યંત કંગાળ છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી મહારાજે એવા સંતોને તૈયાર કર્યા છે કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને દ્વારકાથી કલકત્તા સુધી રીતિ પ્રવર્તાવી છે કે દરેક તીર્થ સ્થાનોમાં જઈને જોઈએ તો એવા સંતોનો જોટો મળે નહિ. એટલે જ પરમહંસો અને પરંપરામાં રહેલા સંતોની જેટલી ગુણાનુવાદ સભા થાય તે જરૂરી છે ને આવી સભાના માધ્યમથી તે સંતના ગુણ આપણા જીવનમાં પ્રવેશતા હોય છે. આજની સભામાં હું એટલુ ચોક્કસ કહીશ કે સ્વા. ગુરુકુળના સંસ્થાપક ધર્મજીવનદાસજી સ્વામી ખરેખર શૂરવીર સંત હતા અને એમણે આપેલી જે સંતની ફોજ એક પરંપરા તૈયાર કરી છે. એ સંપ્રદાય માટે એક ધરોહર છે, અને ઘરેણારૂપ છે. કો. હરિજીવનદાસ સ્વામી, શા. માધવપ્રિય સ્વામી, કો. દેવકૃષ્ણદાસસ્વામી આદિક સંતોની ગુરુકુળ પરિવાર દ્વારા કેળવણી અપાતી આવી છે ત્યારે મહારાજના ચરણોમાં પ્રાર્થના કરુ છુ કે ગુરુકુળ પરિવારના નવયુવાન સંતોની અંદર પણ આવી સાધુતા આવે અને તેના દ્વારા સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયનું નામ રોશન કરે એવી વડતાલવાસી હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના કરુ છુ. આજે સ્વામિનારાયણ સંપ્રદાયનો જો દિગંતમાં ડંકો વાગતો હોય તો તેનું મુખ્ય કારણ છે સંત. કારણ કે હિંદુસ્તાનની સંસ્કૃતિ હંમેશા સંતપ્રધાન રહેલી છે. જોગીસ્વામીની વાત કરીએ છીએ તો જોગીનું બિરુદ ક્યારે અપાતુ હોય તો જ્યારે સંપૂર્ણપણે પંચ વર્તમાન, નિઃસ્પૃહી જીવન યુક્ત હોય અને મહારાજનું ભજન કરતા હોય ત્યારે જોગીનું પદ મળે છે.

સ્વામી જેવુ જીવન જીવી ગયા છે તેવુ જીવન જીવવાનુ આપણને બળ મળે તથા શ્રીજી મહારાજે સ્થાપિત જે દેવો છે તેનો તથા નંદસંતોએ કાર્ય કર્યું છે તેનો વિચાર આપણે સફળ બનાવીએ એવી વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ આદિક દેવોના ચરણોમાં પ્રાર્થના કરું છું તેમજ ગુરુકુળ પરિવાર તેમજ પૂનમ ભરવા આવેલા ભક્તજનોને ખૂબ ખૂબ મહારાજ બળ આપે એમ પ્રાર્થના કરું છું.

# પ.પૂ. સદ્. શ્રી જોગીસ્વામી

- મુખ્ય કોઠારી પ.પૂ. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી



સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામીએ એક કીર્તનમાં સંતના લક્ષણ લખ્યા છે.

**એવા સંતની બલિહારી રે,**
**હાંરે જેના ગુણે રિઝિયા ગિરિધારી રે,**
**કામ ક્રોધ લોભ મનમાં ન આણે,**
**સોનું ને ધુળ તે સમ કરી જાણે.**
**હાંરે જેને ગીતાજી ગાય છે પોકારી રે... એવા...**

સાધુના પંચ વર્તમાન છે. તેના નામ નિષ્કામ, નિર્લોભી, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ આ પંચ વર્તમાન પાળનાર સાધુને ભગવાનનો સાક્ષાત સંબંધ હોય છે. એમ શ્રીજી મહારાજે ગઢડા અંત્ય પ્રકરણ ૨૭ ના વચનામૃતમાં લખ્યું છે. જે સંતમાં સંતના ગુણો હોય તેના ઉપર ભગવાન રાજી થાય છે તેમ પ્રેમાનંદ સ્વામી લખે છે. તો પૂજ્ય જોગી સ્વામીના મે ખૂબ નિકટથી દર્શન કર્યા છે. લગભગ ૩૦ વર્ષ સુધી એકધારા જોયા છે. જેના પંચ વર્તમાન અણિશુધ્ધ અને સાધુના ગુણ પણ અદ્ભુત, સ્વામીનું જીવન સાદુ, ન ભોજનની ચિંતા, ન આસનની ચિંતા, ન સારા વસ્ત્રો કે પદાર્થની ચિંતા સારા પદાર્થો મળે તો તેનો ત્યાગ કરી દે એવો સ્વામીનો સહજ સ્વભાવ હતો. જમવામાં કોઈ તાલ નહિ, મરીમસાલા નહિ, ખાંડ સાકર નહિ, અથાણા ને પાપડ તો અડ્યા જ નથી. સ્વામીનું ભોજન એકદમ સાદુ. સ્વામીના જીવનમાં મેં જોયું છે કે તપ અને ભજન એ તાણાવણાની જેમ એના જીવનમાં વણાઈ ગયેલા.

સુવા માટે ભોંય પથારી ગાદલા કે ગોદડા પાથરવાના નહિ, એક સાદી સાદડી કે ચાદર પાથરીને સૂઈ જાય, બપોરે સૂવાનું નહિ એવું દિવ્ય જીવન દેહપર્યંત રાખ્યું. ધારણા, પારણા, ઉપવાસ વિગેરે સ્વામીમાં સહજ હતું. આ બધા જ લક્ષણો જોઈને પોતાના ગુરુએ (શ્રી કૃષ્ણજીવનદાસજી) નામ પાડ્યું આ તો જોગી છે જોગી. સમર્થ ગુરુના શબ્દો હતા તો સામે પાત્ર પણ એવું હતું. ગુરુના શબ્દો પ્રમાણે જોગી ખરેખર સાચા જોગીનું જીવન જીવ્યા. ભજન જ જેનું ભોજન હતુ, ત્યાગ જેની શોભા હતી, ધર્મ જેનું ઘરેણું હતું અને ધ્યાન જેની યોગસાધના હતી એવા દિવ્ય મહાપુરુષ પૂ. જોગી સ્વામીનું જીવન નિરાળુ હતું.

**સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામી કીર્તનમાં લખે છે.**
**હરિ વિના બીજો ઘાટ ન લાગે,**
**લોભ લહરનો લેશ ન લાગે**
**હાંરે નારી ન શકે નયણ બાણ મારી રે...એવા સંત**

એવો સંતનો મહિમા ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગ.પ્ર.૫૯ માં લખ્યો છે "ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે અને ભગવાનના સાધુ છે. તે તો ભવ બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તેની પ્રાપ્તિ થઈ એ જ પરમ કલ્યાણ છે.

સાચા ને સારા સાધુ મળવા દુર્લભ છે. ત્યાગ, વૈરાગ્ય એ કે ધ્યાન ભજન માન મોટપ માટે પણ થતા હોય છે જ્યારે જોગી સ્વામીના જીવનમાં મે જોયું છે કે એક ભગવાનને રાજી કરવા સિવાય બીજુ કોઈ તાન નથી. ભગવાનની મૂર્તિ સિવાય બીજો કોઈ ઘાટ નહિ, બીજી કોઈ ઈચ્છા નહિ. કેવળ ભગવાનને રાજી કરવાનું જ તાન એવા સંતમાં ભગવાન અખંડ રહે છે. એમ સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી પોતાના છંદમાં લખે છે.

**છંદ :**

**નિષ્કામ સદા મન રામ રીઝાવન,**
**દામ રુ વામએ દૂર હૈ જી**
**લવલેશ નહિ જાકે લોભહું કા,**
**નહિ કામ ન ક્રોધ ન ક્રૂર હૈ જી**
**મન પ્રાન ઈન્દ્રિય કે મામલેસેં,**
**હઠે નાહી પીછા ઐસા શૂર હૈ જી**
**બ્રહ્માનંદ કહે સત્ય બારતાકું,**
**ઐસે સંતમે શ્યામ હજુર હૈ જી**

સંતગુણે સંપન્ન સંત મળવા દુર્લભ છે અને એવા સંત મળે તો ભગવાન દૂર નથી પણ હજુર છે. પૂ. જોગી સ્વામીના દર્શન કરતા હોય ત્યારે અંદરથી આત્મા કહેતો કે આ સાચા સાધુ છે. જેના રોમે રોમમાં ભગવાનના નામ જપતા હોય એવા સાધુના દર્શન દેવતાઓને પણ દુર્લભ હોય છે. પૂ. જોગી સ્વામી આ ધરતી ઉપર ૧૦૭ વર્ષ રહ્યા પણ દિવ્ય જીવન જીવ્યા અને સાધુ સમાજને પ્રેરણા લીધા જેવું જીવન જીવ્યા. કોટી કોટી વંદન પૂ. જોગી સ્વામીના ચરણમાં.

# મારા દિવ્ય અને સત્ય અનુભવો

- શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (વડતાલ ટેમ્પલ બોર્ડ - ચેરમેન)



મારા જીવનનું સૌભાગ્ય એ છે કે, સત્પુરુષની ચરણરજની પ્રસાદી મેળવવામાં મને કોઈ પૂર્વગ્રહ નથી નડ્યો, પરિણામે સંપ્રદાયના મહાન બ્રહ્મનિષ્ઠ સત્પુરુષોએ મારા પર આશીર્વાદની અમીવૃષ્ટિ કરી છે. હું મારા જીવનની એ જ કમાણી માનું છું કે, મને મારા ગુરુવર્ય બ્રહ્મનિષ્ઠ સંત વિભૂતિ પૂજ્યપાદ કોઠારી સ્વામી શ્રી નંદકિશોરદાસજી સ્વામીની કૃપાના સરોવરમાં સ્નાન કરવાનો અવસર મળ્યો છે, તેમની અનુકંપાથી મને સત્પુરુષને ઓળખવાની આંખો મળી છે. મેં જ્યારે સત્પુરુષોનાં ચરણોમાં મસ્તક ઝુકાવ્યું ત્યારે ત્યારે તેમને મારી જોળીને આશીર્વાદથી ભરી દીધી છે. આ અનાદિ મુક્તોના રાજીપા સ્વરૂપે મને જે દિવ્ય અને સત્ય અનુભવ થયા છે તે મારા જીવનનું ચાલકબળ બનીને મદદ કરી રહ્યા છે. આ મહાપુરુષોની કૃપારૂપી પ્રસાદીને એક લેખમાં સમાવી ન શકાય તેથી અહી પ.પૂ. જોગી સ્વામીએ આ જીવ પર જે કૃપા વરસાવી છે, જે દિવ્ય અનુભવો કરાવ્યા છે તેમાંથી કેટલાક પ્રસંગ અહી મુમુક્ષુોની પ્રેરણા માટે રજુ કરું છું.

## પ્રસંગ-૧

વિક્રમ સંવત ૨૦૪૫માં વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણમહારાજના દિવ્ય સંદેશને શિરે ચડાવીને મેં કંડારી ગામે ગુરુકુલ સ્થાપવાનો નિર્ણય કર્યો. એકલા હાથે નાની ઉંમરે આ કાર્ય કરવાનું સરળ ન હતું છતાં મહારાજની કૃપાથી બધું જ થશે એવી દૃઢતા સાથે મેં વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધર્મધુરંધર ૧૦૦૮ તત્કાલીન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદ લીધા. તેઓશ્રીએ રાજી થઈને ખાતમુહૂર્ત કરવા આપવાની પણ હા પાડી. હું મારા સ્નેહી સંતો સાથે તૈયારી કરવા લાગ્યો. કંડારી ગામમાં જમીન સંપાદીત કરી પ.પૂ. પુરાણી સ્વામી શ્રી જગતપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે ખાતમુહૂર્ત મહોત્સવની જાહેરાત થઈ. લગભગ મહોત્સવની તૈયારી પૂર્ણ થઈ ગયેલી. પત્રિકા-પોસ્ટર તૈયાર કરી રહ્યો હતો ત્યાં ''પ્રથમ ગ્રાસે મક્ષીકાપાત'' જેવો આઘાત લાગ્યો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો સંદેશો આવ્યો કે, પોતે ખાતમુહૂર્ત કરવા નહીં આવે. આ સમાચારથી મનોમન ભાંગી પડ્યો, પણ નોધારાના આધાર તો મહારાજ અને સદ્ગુરુ છે એમ માનીને મેં રાજકોટની વાટ પકડી. રાજકોટ ગુરુકુલમાં જઈને પ.પૂ.સ.ગુ. મહંત સ્વા. દેવકૃષ્ણદાસજી સ્વામીને મળ્યો. હકીકતથી વાકેફ કર્યા ને પ.પૂ. જોગી સ્વામીના વરદ હસ્તે ગુરુકુલનું ખાતમુહૂર્ત થાય એવી વિનંતી કરી. પ.પૂ. દેવકૃષ્ણસ્વામીએ મારી વિનંતી સાંભળીને તેઓ પ.પૂ. જોગી સ્વામીના આસને મારી સાથે આવ્યા.

પ.પૂ. જોગી સ્વામી ઠાકોરજીને આગળ રાખીને બેઠા બેઠા માળા કરતા હતા. બાજુમાં બેસીને એક સંત વચનામૃતનું વાંચન કરતા હતા. મે સ્વામીને દંડવત કર્યા અને પગે લાગ્યો, ત્યારે સ્વામી એ ગૌમુખીમાંથી હાથ બહાર કાઢ્યો અને મારા માથે હાથ ફેરવતા ફેરવતા બોલ્યા, બોલ, ગાંડિયા કેમ આવ્યો છો ? મારી અપેક્ષા કરતાં પણ સ્વામી વધુ મમતા વરસાવી રહ્યા હતા તેથી મારી આંખના ખુણા ભીનાં થઈ ગયેલાં પણ પ.પૂ. મહારાજશ્રી ખાતમુહૂર્ત કરવા આવવાના હતા, એ વાત કરતા કરતા તો હું રડી પડ્યો. મારી આંખનાં આંસુ સ્વામીના ઢીંચણ ઉપર પડ્યાં. સ્વામીએ હાથથી માથું પકડીને મારી આંખમાં આંખ મીલાવીને કહ્યું : ઘનશ્યામ ! તારે ત્યાંતો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સ્વયં ખાતમુહૂર્ત કરવા આવવાના છે. ત્યારે મે કહ્યું : સ્વામી, તેમની આજ્ઞા-

આશીર્વાદ લઈને જ આ કાર્ય શરૂ કર્યું હતું ને અણીના સમયે તેમનો સંદેશો આવ્યો છે કે, મારાથી નહી આવી શકાય. તેથી હું તમારી પાસે આવ્યો છું. તમે રાજી થઈને મારા ગુરુકુલનું ખાતમુહૂર્ત કરવા પધારો. હું તમારા શરણે આવ્યો છુ. તમે રાજી થઈને હા પાડો. પૂજ્ય સ્વામીએ પોતાની વાત દોહરાવીને કહ્યુ : તારે ત્યાંતો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સ્વયં ખાતમુહૂર્ત કરવા આવશે જ !!! વિષાદગ્રસ્ત હોવાથી હું સ્વામીનાં વચનો સમજી ના શક્યો. મને એમ કે, સ્વામી તેમના ધ્યાનમાં છે, મારી વાત સાંભળતા નથી એટલે એકની એક વાત કરે છે એટલે મેં તેમને ખાતમુહૂર્ત કરવા આવવાની ફરી વિનંતી કરી. ત્યારે સ્વામીએ કહ્યુ : તેઓ નહીં આવે તો હું જરૂર આવીશ જા. મારા જીવમાં જીવ આવ્યો. મારી આંખ દુ:ખથી રડતી હતી તે હર્ષથી રડી પડી !! સ્વામીની મારા પર મમતા જોઈને સહુને આશ્ચર્ય થયું. હું પાછો ઓફિસમાં આવ્યો. પૂ. દેવકૃષ્ણ સ્વામીને ખાતમુહૂર્તની તારીખ લખાવી કંડારી આવવા રવાના થયો. રાત્રે ત્યાં પહોચ્યો ને વહેલી સવારે ઉઠી સ્નાન પૂજા કરીને કામે લાગ્યો. પોસ્ટરની તૈયારીનો સમય વિપત્તિમાં જતો રહ્યો, પણ હરિકૃપાથી સવારથી સાંજ સુધીમાં પોસ્ટર છપાય ગયાં અને મોડી રાત્રે વડતાલ આવી પણ ગયા. સવારે પૂનમ હોવાથી હું વડતાલ જ હતો, મેં ઉત્સાહી યુવકોને સેવામાં લગાડ્યા અને સવારે પૂનમનાં દર્શને આવેલા ભક્તો પોસ્ટર જોતા થઈ ગયા. પણ સહું ભક્તો જાણતા હતા કે, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે ખાતમુહૂર્ત થવાનું છે. તેઓ પોસ્ટરમાં પ.પૂ. જોગી સ્વામીનું નામ જોઈને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસે ગયા. કાન્તીભાઈ નવસારીવાળા મારી પાસે આવ્યા અને કહ્યુ, સ્વામી ! તમને મહારાજશ્રી વાડીએ બોલાવે છે. હું વાડીએ ગયો, ત્યાંતો જોગી સ્વામીની ભવિષ્યવાણી સાર્થક થતો અવાજ આવ્યો. શાસ્ત્રી હું કંડારી ગુરુકુલનું ખાતમુહૂર્ત મારા હસ્તે કરી આપીશ, રાજી ને !! મારો આત્મા આનંદથી નાચી ઉઠ્યો. મેં મનોમન જોગી સ્વામીની આગળ જે હઠ પકડેલી તેની માફી માગી અને જે ભક્તો ખાતમુહૂર્તના હેન્ડબીલ વહેંચતા હતા તેમને રોકાવ્યા અને પ્રેસમાં જાણ કરી પણ પોસ્ટર તો છપાય ગયા હતા, પછી જે પોસ્ટરો લગાવ્યા હતા તેના પર પાછા નવા પોસ્ટરો લગાવડાવ્યા અને પ.પૂ. મહારાજશ્રી કંડારી પધાર્યા. સંપ્રદાયના ઈતિહાસમાં આચાર્ય મહારાજ સ્વયં ખાતમુહૂર્ત કરવા પધાર્યા હોય તેવો પ્રસંગ કંડારીને આંગણે ઉજવાયો. આજે પણ મને જોગી સ્વામીનાં એ કરુણાભીનાં નેણ અને મધ ઝરતાં વેણ ભુલ્યાં ભુલાતાં નથી !!!

## પ્રસંગ-૨

એકવાર પ.પૂ. સ્વામી વડોદરા પધારેલા. હું ત્યાં હાજર. અમે ભાવથી દર્શન કર્યાં. સારંગપુરનું ૧૦મું વચનામૃત સહજતાથી યાદ આવી ગયું. એવા સંતનાં દર્શન થાય ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં. સભામાં ઉપસ્થિત સહુના મનમાં સ્વામીના કાંતિમય સ્વરૂપમાં અજાણતા જે ખેચાય ગયેલા. સ્વામી સુરત યજ્ઞમાં જઈ રહ્યા છે એવી જાહેરાત થઈ. મને મનમાં કંઈ સંકલ્પ થાય તે પહેલાં જ પૂ. જોગી સ્વામીએ કહ્યું, ''મારે ઘનશ્યામને ત્યાં કંડારી જવું છે.'' મારું મન મયુર બનીને નાચી ઉઠ્યું, પણ કાર્યકર્તા સંતોએ કહ્યું : સ્વામીજી, આપણે સુરત યજ્ઞમાં જવાનું છે. પૂર્ણાહુતિ તમારા હસ્તે શ્રીફળ હોમીને કરવાની છે. આ સાંભળીને મારા મનનો મોરલો મરડાઈ ગયો; પણ સ્વામી તો કરુણામૂર્તિ સંત. મારા જેવા સાધુ પર સ્વામીએ કરુણાની વાદળી વરસાવતા કહ્યુ : તમારે જયાં જવાનું હોય ત્યાં જાઓ, મારે તો કંડારી ઘનશ્યામને ત્યાં જવું છે. આ સ્વામીની પારાવાણીના તેજથી મારું અને મારા સાધુઓનાં હૃદયકમળ ખીલી ઉઠ્યાં. અમે તાબડતોબ કંડારી આવ્યા. રસ્તામાં પોરથી જે મળ્યા તે ફુલહાર લીધા. અમે કોઈ તૈયારી



કરીએ, ના કરીએ તે પહેલાં તો પૂ. સ્વામી આવી ગયા. આરતી કરી, બેઠા, સહુ સંતોને ભેટ્યા, હૃદયમાં હાથ ફેરવીને રૂડા આશીર્વાદ આપ્યા ''અહી કળિયુગ નહી આવે.'' સહજ સ્વામીએ જે આ આશીર્વાદની ગંગોત્રી વહાવી તે મારા જીવનમાં ગંગોત્રી કરતાં પણ વધુ પાવન કરનારી બની રહી છે. સાથે આવેલા સંતો ઉતાવળ કરતા રહ્યા છતાં સ્વામી દોઢથી બે કલાક ગુરુકુલમાં રહ્યા. યજ્ઞની પૂર્ણાહુતિનો સમય કંડારીમાં જ વ્યતીત થઈ ગયો છતાં સ્વામી જાણે મારે ઘેર મારા પ્રસંગમાં જ આવ્યા હોય તેટલા સહજતાથી રહ્યા. અને જે આશીર્વાદ આપી ગયા છે, ''અહી કળિયુગ નહી આવે'', તેથી સતત વ્યવહાર અને વિવાદની વચ્ચે પણ સહજતાથી સુખે ભજન થાય છે.

## પ્રસંગ-૩

આજ આ ભૌતિક ઝાકમજાળ વચ્ચે જીવન જીવતા માયાના તેજથી અંજાય ગયેલી આંખોને જોગી સ્વામી જેવા સંતની દિવ્યતાની ઝાંખી ન થઈ શકે પણ એ મુમુક્ષુઓ ભાગ્યશાળી છે તેમના સાનિધ્યમાં બેસવાનો લાભ મળ્યો છે. હું સ્વામીના કેટલાક અવિસ્મરણીય ઉપકારોને યાદ કરું છું ત્યારે હૃદય ભરાઈ આવે છે.

વિક્રમ સંવત ૨૦૬૬માં મેં જ્યારે અનાદી મુક્તરાજ સુરાખાચરે જ્યાં મહારાજને પ્રેમ-સાખ્ય ભક્તિથી વશ કર્યા હતા એવા લોયાધામમાં વિરાટ મંદિર નિર્માણનો આરંભ કર્યો ત્યારે પ.પૂ. જોગી સ્વામીએ સુવર્ણ રસિત ઈંટનું પૂજન કરીને આશીર્વાદજ આપ્યા છે. છેલ્લા ઘણા સમયથી કોટી કોટી સૂર્ય સરખા તેજસ્વી અને ચંદ્ર જેવા શીતળ તેજની મધ્યે બિરાજતા સદા કિશોર મૂર્તિ મહારાજમાં મસ્ત રહેતા, ભાગ્યેજ કોઈવાર કોઈ ક્રિયામાં ધ્યાન આપતા અને સ્વામી જ્યારે કોઈ ક્રિયામાં ધ્યાન આપે ત્યારે મેમનગર ગુરુકુલમાં આનંદ ઉત્સવનું વૃંદાવન ખડું થઈ જતું. લોયાધામમાં વિરાટ મંદિર નિર્માણના ભગવાન શ્રીહરિના આદેશને પૂર્ણ કરવાની તાકાત મને પૂજ્યપાદ સ્વામી જેવા સંતોમુક્તોના આશિર્વાદમાંથી જ મળી છે. હું જ્યારે સુવર્ણ રસિત ઈંટ લઈને સ્વામીજીના સાનિધ્યે પહોચ્યો ત્યારે પૂજ્ય વિશ્વવિહારી સ્વામીએ સ્વામીની નજીક જઈને કહ્યું, સ્વામી, કંડારીથી ઘનશ્યામ સ્વામી આવ્યા છે, લોયામાં મંદિર કરે છે. સ્વામી આ ઈંટનું પૂજન કરી દો. સ્વામીએ કંકુ-અક્ષતથી એ ઈંટનું પૂજન કર્યુ, એટલું જ નહીં પણ મને નજીક બોલાવીને મારા કપાળમાં પોતાના હાથે ચાંદલો કરી માથે હાથ મુકીને આશિર્વાદ આપ્યા. સ્વામીએ જે આશિર્વાદ સાથે ઈંટ પૂજન કરીને આપી છે તે લોયાધામના મંદિરના પાયામાં છે, એ ઈંટ મારા માટે સ્વામીની કૃપાનો પુરાવો છે. લોયાધામમાં જે મંદિર નિર્માણ થાય છે તે આવા સમર્થ સંતો મુક્તોના આશિર્વાદથી જ થઈ રહ્યું છે. જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર રહેશે ત્યાં સુધી પૂ. સ્વામીની આ કૃપાદૃષ્ટિ માટે હું એમનો ઋણી છું.

## પ્રસંગ-૪

જોગી સ્વામીએ જ્યારે આ પાર્થિવ શરીર છોડીને જ્યારે ભાગવતી તનુ પ્રાપ્ત કરવાનો સંકલ્પકર્યો ત્યારની આ વાત છે. શ્રાવણ વદ-૧૦ ના રોજ વહેલી સવારે ૪-૩૦ કલાકે કંડારી ગુરુકુલના સંત આશ્રમમાં હું સુતો હતો. બ્રાહ્મમુહૂર્તનો સમય થયેલો. મારા નિત્ય નિયમ મુજબ ધ્યાન કરીને પથારી છોડવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં અચાનક મને જોગી સ્વામીએ દર્શન દીધાં. પળભર હું મારા દેહ-ભાન અને સ્થાનને ભુલી જ ગયો, મુગ્ધાવસ્થામાં જતો રહ્યો. હું અકલ્પ નયને જોઈ રહ્યો. જપ તપના તેજથી શોભતા અને દિવ્ય કાંતિથી ઝળહળતા પૂ. સ્વામી મારી પથારી નજીક જ નહી, મારા સુધી આવી ગયા. હું ઉભો થઈને ચરણ સ્પર્શ કે વંદન કરું તે પહેલાં તો લાખો ભક્તોને અભયદાન આપતો હાથ લંબાવીને સ્વામીએ મને ન્યાલ કરી દીધો. મારો કાન તાણી, ગાલ પર વહાલ સાથે બે ટપલી મારીને કહ્યું, માળા ગાંડીયા મારા દર્શન કરી જા. અહોભાવના અંજન સાથે હું જાગી ગયો પણ જોગી સ્વામી તો સંદેશ આપીને સમજો કે આદેશ આપીને, પણ અદશ્ય થઈ ગયા. બેચેન મને સ્નાન પૂજા કરીને તુરંત મેમનગર ગુરુકુલ પૂજ્યપાદ બાલકૃષ્ણ સ્વામીને ફોન કર્યો. ને સ્વામીને પૂછ્યુ કે પૂ. જોગી સ્વામી ક્યા છે. પૂ. બાલકૃષ્ણ સ્વામીએ કહ્યુ કે સ્વામી તો મેમનગરમાં જ છે. મે બાલકૃષ્ણ સ્વામીને પૂછ્યું, સ્વામીની તબીયત કેમ છે ? બાલકૃષ્ણ સ્વામીએ કહ્યુ કે સ્વામીની તબીયત તો ઘણીજ સારી છે. કેમ ? મેં પ્રભાતે બનેલી વાત કહી કે મને પૂ. જોગી સ્વામીએ દર્શન દઈને દર્શને આવવાની આજ્ઞા કરી છે. એટલે મેં તમને જણાવ્યું છે, તો તમે અત્યારે ક્યાં છો ? પૂ. બાલકૃષ્ણ સ્વામીએ કહ્યુ કે અમો અત્યારે વરતાલ દર્શને આવ્યા છીએ ને સ્વામીની તબીયત સારી છે. મેં કહ્યું ભલે, પણ પૂ. સ્વામીનો આદેશ થયો છે તેથી હું એકાદ બે દિવસમાં દર્શન કરવાતો આવીશ જ.

આ ઘટના બન્યા પછી આજકાલ કરતા દર્શને જઈ શકાયું નહીં. દિવસો જતા રહ્યા. એવામાં એક દિવસ સવારે મેમનગર ગુરુકુલથી પૂજ્યપાદ બાલકૃષ્ણ સ્વામીનો ફોન આવ્યો ને પૂ. બાલકૃષ્ણ સ્વામીએ પૂ. જોગી સ્વામીના સમાચાર આપતા કહ્યું કે શાસ્ત્રીજી આ વાત તમારા પૂરતી જ રાખજો, તમને જ પ્રથમ ફોન કર્યો છે કે પૂ. જોગી સ્વામીને

હોસ્પિટલમાં દાખલ કર્યા છે, તબીયત વધારે બગડતી જાય છે, તમને સ્વામીએ દર્શનેઆવવાની આજ્ઞા કરી છે એટલે મેં તમને જણાવ્યું છથે, તો તમે દર્શન કરી જાવ !! આ વાતની જાહેરાત ન કરશો કારણકે ડોક્ટરો સ્વામી પાસે બહુ જવા દેતા નથી !!

મેં કહ્યું : સારુ સ્વામી, જય સ્વામિનારાયણ

આટલી વાત કરીને ફોન મૂક્યો ને તુરંત જ રવાના થઈને અમદાવાદ મેમનગર ગુરુકુલ આવ્યા અને પ.પૂ. બાલકૃષ્ણ સ્વામીને સાથે લઈને હોસ્પિટલ આવ્યા. વરતાલ વિહારી હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદીનો હાર હાથમાં લઈને હોસ્પિટલ પહોચ્યા. સ્વામીના ચૈતન્ય તેજ રાશિમાં રમતા-નિજાનંદમાં તરબરત-પરમાનંદના ભોક્તા અને પ્રદાતા-અમી ભરેલી નજરે મુમુક્ષુને ન્યાલ કરતા- વાત્સલ્ય વારિધિ વ્હાલા સ્વામીનાં દર્શન કર્યાં. વિજ્ઞાન સમજી-સ્વીકારી ના શકે તેવી તેજ રશ્મીઓ ૧૦૭ વર્ષના વયોવૃધ્ધ મુખ જોઈને મન અહોભાવથી ભરાઈ આવ્યું. નિર્વ્યાજ પ્રેમ, નિરવધી સાધુતા અને સતત સેવા ભજનની ભટ્ટીમાં તવાયેલું કુંદન જેવું મુખડું જોઈને શાંતિના અગાધ ધરામાં ડૂબી ગયા. ‘‘વદનમ્ પ્રસાદસદનમ્’’ નો આ અપૂર્વ સાક્ષાત્કાર હતો. સહજાનંદિ સંત પરંપરાની જીવંત પ્રતિભા સ્વરૂપ આ સંતના મારા પર અનંત ઉપકારો છે તેને યાદ કીરને મેં આજે તેમને આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનો સુકા મેવાનો હાર પહેરાવ્યો. સ્વામી મહારજમાં મસ્ત હતા, છતાં આંખો ખોલી ત્યારે ત્યાં હાજર રહેલા સહુને આશ્ચર્ય થયું. છેલ્લા ઘણા દિવસથી સ્વામીના નિજમંદિરમાં બિરાજતા પ્રભુને અંતરના ઓરડે નીરખી રહ્યા હતા પણ આજે તો જોગી સ્વામી જાણી ગયા હતા કે, મેં જેને દર્શન દઈને બોલાવ્યો છે તે મારો લાડકવાયો આવ્યો છે !! મારા હૈયાના હાર હરિકૃષ્ણ મહારાજનો હાર લઈને આવ્યો છે. સ્વામીએ જ્યારે કૃપાદષ્ટિ કરી ત્યારે મેં પૂ. બાલકૃષ્ણ સ્વામીને કહ્યું, સ્વામી જાણી ગયા કે, ઘનશ્યામ આવ્યો છે ! એટલે મારા પર રાજી થઈને કરુણા વહાવી. આ સાંભળી સહુ મંદ મંદ હસ્યા. હું તો એમના અનંત ઉપકારોની છાયામાં જ જીવન જીવવાની મજા માણી રહ્યો છું.

આવા આવા અગણિત ઉપકારો પરમ પૂજ્ય જોગી સ્વામીએ સમગ્ર સત્સંગ સમાજ પર કર્યા છે. ભાગવતજીમાં વ્યાસજીએ કહેલા સાધુતાના ગુણો કેળવીને પૂજ્યશ્રી માત્ર ગુરુકુલનું જ નહીં, પણ વરતાલ દેશની સંત પરંપરાનું ગૌરવ વધાર્યું છે. વરતાલ દેશ આજે એ વાત પર ગૌરવ અનુભવે છે કે, તેના દેશમાં પંચવ્રતે પુરા, જ્ઞાન-ધ્યાનમાં સુરા જોગી સ્વામી જેવા સંત થયા. વરતાલ દેશના હરિભક્તો આનંદ



અનુભવે છે કે, અમારે આંગણે નિરંતર ભજનાનંદ મસ્ત, શાશ્વત બ્રહ્માનુભૂતિથી પર પરબ્રહ્મ સુખના ભોક્તા સંતની પધરામણી થઈ છે. જેના નામ પર ભવિષ્ય પણ ગૌરવ અનુભવશે એવા શ્રીહરિ સ્વરૂપ સંત મૂર્તિ પૂજ્યપાદ જોગી સ્વામીને શ્રધ્ધાંજલિ આપવા આજ મને શબ્દકોષ વામણો લાગે છે એટલે વચનામૃતના ભાવને જ લખુ છુ. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમના ૫૪માં વચનામૃતમાં જેમને ભાગવત ધર્મના પોષક અને મોક્ષના દ્વારરૂપ કહે છે. સારંગપુરના ૭માં વચનામૃતમાં જેમને નૈમિષારણ્ય કહે છે. ગઢડા અંત્યના ૩૫માં વચનામૃતમાં જેમને ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય કહે છે. ગઢડા મધ્યના ૫૯માં વચનામૃતમાં જેમને પરમ કલ્યાણરૂપ કહે છે. સારંગપુરના ૧૦માં વચનામૃતમાં જેમનાં દર્શનને પોતાનાં દર્શન તુલ્ય કહે છે. ગઢડા મધ્યના ૪૮માં વચનામૃતમાં જેમની વચ્ચે જન્મ ધારણ કરવાની ઈચ્છા રાખે છે. એવા મહાસમર્થ સંતમૂર્તિ પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય સદ્‌ગુરુવર્ય શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી - પૂ. જોગી સ્વામીનાં ચરણ કમળમાં આ શબ્દાંજલિ ર્પણ કરું છું ને મારા જીવનને ધન્ય માનું છું.

# મારી દૃષ્ટિએ પૂ. પાદ્ સદ્ગુરુ જોગીસ્વામી શ્રીહરિપ્રકાશદાસજી

**- સ્વામી જ્ઞાનજીવનદાસ (કુંડળધામ)**



**જીરે સંત મળ્યા તેને હરિ મળ્યા, એનો મહિમા રે વદે વેદ પુરાણ;**
**સર્વે તીરથ તેનાં ચરણમાં, એવા સંતથી રે વેગે થાયે સનાથ.**

સત્સંગની મા મુક્તાનંદસ્વામીના આ શબ્દોનું મૂર્તિમંત સ્વરૂપ એટલે પૂ. પાદ્ જોગીસ્વામી. જેમનાં ચરણોમાં સર્વે તીર્થો રહ્યાં હતાં. જેમને મળતાં સાક્ષાત્ શ્રીહરિજી મળ્યાનો આનંદ થતો. જેમના યોગમાં આવતાં અગણિત જીવો સનાથ થતા. જેમના સદ્ગુણો, જેમની સામર્થી અને જેમની કરુણાનો જગમાં જોટો મળવો અશક્ય છે. આવા લાખો અને કરોડોના સ્થંભ સમાન સાધુતાની મૂર્તિ અને **'સંત તે સ્વયં હરિ'** આમ જે શ્રીહરિની બોલતી ચાલતી મૂર્તિ કહી શકાય એવા કરુણામૂર્તિ **પ.પૂ. જોગીસ્વામી. તા. ૨૮-૮-૨૦૧૧, રવિવાર સાંજે ૭-૦૭ મિનિટે અમદાવાદ મેમનગર ગુરુકુલથી અખંડ શ્રીહરિની સેવામાં પહોંચી ગયા છે.** તેથી આ સંપ્રદાયને ક્યારેય ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી છે.

શ્રીહરિ વ.ગ.પ્ર. ૩૭માં કહે છે, **''એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ...જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શનતુલ્ય છે, અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.'' વળી, વ.સા. ૧૦માં કહે છે જે, ''એવા સંતનાં દર્શન થાય ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં.''** સર્વાવતારી શ્રીહરિજી મહારાજની પરાવાણીનું આ પ્રમાણ છે. જેમના દર્શને ભગવાનના દર્શનનું ફળ મળે, સેવાથી શ્રીહરિની સેવાનું ફળ મળે અને અરે...! જેનાં દર્શને ખુદ શ્રીજીમહારાજ ઈચ્છે એવા સિદ્ધયોગી સંત એટલે પ.પૂ. જોગીસ્વામી.

અગાધ સમુદ્રને કિનારા હોય પરંતુ જેમની વિશાળતાને, ઉદારતાને, દયાળુતાને અને કરુણાને સીમાડા ન હતા. માટે કહી શકાય કે, 'પૂ. પાદ જોગીસ્વામી કેવળ રાજકોટ કે અમદાવાદ ગુરુકુળ પૂરતા જ ન હતા. પરંતુ તે વિશ્વવંદનીય મહાપુરુષ હતા. તે સંપ્રદાયના કે બિનસંપ્રદાય સહુના હતા.' જેમની કરુણામય દૃષ્ટિથી અનેકના આધિ, વ્યાધિ અને ઉપાધિ વગેરે દુઃખ દૂર થતા, પાપ-સંતાપ ટળી જતા. રોગી નિરોગી થતા. પાપી પુણ્યવાન બનતા. રડતાં રઝળતાં આવેલા જીવો પણ તેમના દર્શન, સેવન કે આશીર્વાદથી અલૌકિક આનંદનો અનુભવ કરતા. આવા સમર્થ મૂર્તિ હોવા છતાં **નમ્રતાના નિધિ અને સાધુતાના શણગાર એટલે પૂ. પાદ્ જોગીસ્વામી.**

જેમ સૂર્ય ઊગે એટલે તેના કિરણો આપોઆપ વિશ્વમાં પ્રસરે, પુષ્પ ખીલે એટલે તેની સુગંધ આપોઆપ સર્વત્ર લહેરાય; તેમ સદા ઉપશમ સ્થિતિમાં રહેતા પૂ. પાદ્ જોગીસ્વામીનું અલૌકિક તેજ અને સાધુતાની સુગંધ સદા સર્વત્ર પ્રસરતી રહેતી. તેમનું સાનિધ્ય મળતાં જ જીવો સુખિયા થતા. નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે, પર્વતોમાં હિમાલય ઊંચો છે અને જળમાં સમુદ્ર અગાધ છે. આ સહુમાં એક એક ગુણ છે. **પરંતુ વહાલા વહાલા જોગીસ્વામીમાં તો ગંગાથી પણ અપાર શ્રેષ્ઠતા અને પવિત્રતા હતી. હિમાલયથી પણ અતિ ઊંચી અલૌકિક સ્થિતિ હતી. અને સમુદ્રથી પણ વિશેષ સમજણ અને સદ્ગુણોની ગહેરાઈ હતી.** આવા

સંતને તો કોઈ વિરલ વ્યક્તિ જ જાણી-માણી શકે છે. જેને જેને આ સંતનાં દર્શન થયાં, સેવા કે સત્સંગનો લાભ મળ્યો તે સહુનાં મોક્ષનાં દ્વાર ખુલ્લાં થઈ ગયાં.

મહાભારતમાં વાત આવે છે કે, 'સ્વર્ગારોહણ બાદ એકવાર યુધિષ્ઠિર યમપુરીની મુલાકાતે ગયા. ધર્મરાજના ચરણ પડતાં જ અતિશય દારુણ દુઃખમાં પીડાતાં નારકી જીવોને પરમશાંતિ થઈ.' તેમ પૂ. જોગીસ્વામીની ઉપસ્થિતિથી જ અનેક મુમુક્ષુઓને પરમ સાંતિનો અનુભવ થતો. તેઓ જે જે ગામમાં જાય કે જે જે ઉત્સવ-સમૈયામાં જાય ત્યાં સહુને સ્વયં શ્રીજીમહારાજ પધાર્યા હોય એવો આનંદ લહેરાતો. જેમનું સાનિધ્ય મળતાં વનમાં લાગેલા દાવાનળ જેવી વાસનારૂપી ભયંકર આગ ઠરી જતી. વેગે ફુંકાતા વાવાઝોડાથી પણ વધારે પરેશાન કરનારી કામ, ક્રોધ કે લોભાદિક વૃત્તિઓ શાંત થતી. ખરેખર પૂ. સ્વામીશ્રી ગુણાતીત પરંપરાના ત્રિગુણાતીત મહાસંત હતા. અક્ષરધામનું અવની ઉપર અવતરેલું મૂર્તિમંત સ્વરૂપ હોય ને શું..!! એવા હતા. પૂ. સ્વામીશ્રીને વર્ષોથી હું મળતો રહ્યો છું. અને સંપ્રદાયના ઘણા ઉત્સવ-સમૈયામાં આવતા ત્યારે મેં તેમને અનુભવ્યા છે. વળી, કુંડળધામમાં પણ છેલ્લા ત્રણ વર્ષથી શિબિરમાં આવતા અને ઘણા પ્રસંગોમાં તેમનાં અવારનવાર દર્શન થતાં. ત્યારે પૂ. સ્વામીશ્રીના સાનિધ્યથી સહુને શ્રીજીમહારાજની ઉપસ્થિતિ જેવો હૈયામાં આનંદ ઊભરાતો. કેમ જે, **આવા સંતરૂપે શ્રીહરિ જ વિચરતા હોય છે.**

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, **''ભગવાન એવા સાધુમાં રહીને પોતાનું દર્શન દે છે, વાતો કરે છે, મળે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે.''** વળી, નિષ્કુળાનંદ સ્વામીએ ભ.ચિં.પ્ર. ૨માં કહ્યું તે મુજબ જેને સેવતાં ઋષિ, મુનિ, સંતો, મહંતો, તેત્રીશ કરોડ દેવતાઓ અને સ્વયં શ્રીજીમહારાજની સેવા થાય; વળી જપ, તપ, તીર્થ, વ્રત, દાન, યોગ, યજ્ઞ સર્વે સાધન પૂરાં થાય એવા સંત એટલે પૂ. જોગીસ્વામી.

**સંત હું ને હું તે વળી સંત રે એમ શ્રીમુખે કહે ભગવંત રે;**
**સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફઉેર નથી એક રતી રે.**
**ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઊલટી પલટ્યું આપ,**
**સંત તે સ્વયં હરિ...ટેક.**
**પ્રિતમ : સંત હરિ ગુરુ એક હૈ, ભીન્ન ન માનો કોઈ;**
**કહે પ્રિતમ સદ્ગુરુમીલે, તાકુ આનંદ હોય.**
**સાહેબકા ઘર સંતન માંહિ, સંત સાહેબ કછુ અંતર નહિ;**
**સંત મીલે સાહેબ મીલે, અંતર રહી ન રેખ.**
**મનસા વાચા કર્મણા સાધુ સાહેબ એક.**
**મીરાબાઈ : હરિ વસે હરિના જનમાં,**
**તમે શું કરશો જઈ વનમાં...!**
**બ્રહ્મા : ભવસાગરમાં,**
**શરણ અચળ અવિનાશી સાચા સંતનું...ટેક.**
**જેમ જળ તરંગ નહીં ભેદ જુદા,**
**તેમ તેજ અગ્નિ નહીં ભિન્ન તદા;**
**એમ હરિ હરિજન એક સદા...ભવસાગરમાં૦ ૧**
**મુક્તા : ગુરુ બિના જ્ઞાન કોઉ નહિ પાયો...ટેક.**
**સંત અનંત કે કારજ સિધે,**
**જબ ગુરુ ગોવિંદ એક જનાયો...ગુરુ૦ ૧**
**એવા ગુરુદેવ રે, ગોવિંદ સમ જાણજો રે;**
**જેને સંગે પામીએ ભવજળ પાર રે...સદ્ગુરુ સાચા રે**
**સેવો શુદ્ધ ભાવશું રે.**
**ઐસે મેરે જન એકાંતિક, તેહિ સમ ઓર ન કોઈ;**
**મુક્તાનંદ કહત યું મોહન, મેરો હિ સર્વસ્વ સોઈ.**

આ તમામ પંક્તિઓનો જેમના જીવનમાં યથાર્થ રીતે અનુભવ થતો એવા સંત એટલે પૂ. જોગીસ્વામી. અજાત શત્રુ આ સંતે અનેકના અંતઃશત્રુઓનો નાશ કર્યો છે. નિર્વેરી આ સંતે અનેકના વેર-ઝેરનું શમન કર્યું છે. સાચા સેતુની ગરજ સારી છે. સ્વામી સંસાર સાગરમાં ભટકતા અનેક મુમુક્ષુઓની જીવન નૈયા હતા. વાસનાથી તપતા અનેક જીવો માટેનું અમૃતનું સરોવર હતા. જેમણે પોતાનો આત્મા સહિત સર્વસ્વ શ્રીહરિને સમર્પિત કર્યું હતું. જેમ બિંદુ સિંધુમાં મળી સમુદ્ર સમાન બને છે, તેમ જેઓ પોતાનો આત્માને મહારાજની મૂર્તિમાં સમમર્પિત કરી ભગવદ્ભાવને પામ્યા હતા. અને એટલે જ ખુદ સ્વામિનારાયણ ભગવાન તેમનાં અંતરમાં રહી અનેક ભક્તો ઉપર કૃપાનો વરસાદ વરસાવતા. તેથી જ રંક હોય કે રાજકારણી, ભગત હોય કે ભરાડી, ભણેલો હોય કે અભણ, દેશી હોય કે પરદેશી, રોગી હોય કે ભોગી, આસ્તિક હોય કે નાસ્તિક, સાંપ્રદાયિક હોય કે બિનસાંપ્રદાયિક, સહુને પૂ. જોગીસ્વામીનાં અનેરું આકર્ષણ રહેતું. સહુ પૂ. સ્વામીશ્રીમાં ખેંચાતા રહેતા.

આવા મારા હરિના હૈયાના હાર અને માળાના મણકા સમાન પૂ. સ્વામીશ્રીનું સહુના અંતરમાં અનેરું સ્થાન હતું. પૂ. સ્વામીશ્રી ભૂખ્યા માટેનું કલ્યાણનું સદાવ્રત અને તૃષાતુર માટેનું હાલતું-ચાલતું મોક્ષનું પરબ હતા. તેમના જીવને અનેકના સુખ, શાંતિ અને મોક્ષનાં દ્વાર ઉઘાડ્યાં છે. સ્વામીના અંતરના ઊંડાણમાંથી સહજ સ્વભાવે નીકળેલા શબ્દો પણ સત્ય ઠરતા. કેમ જે,

**એવા સંતમાં અમે છીએ રે, સાચા સંતથી દૂર ન રહીએ રે;**
**માટે સંત છે કલ્યાણકારી રે, ચાંથી બહુને લેવા છે ઉદ્ધારી રે.**



**સંત બડે પરમારથી, દેત સબનકું જ્ઞાન;**
**મુક્ત કહે તેહી જો મિલે, તાકો કરત કલ્યાન.**
**જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, સંત સરલચિત્ત જોય;**
**મુક્ત કે ભવજલ તરન, અતિબડ નૌકા સોય.**
**જપ તપ તીરથ જાતરા, જોગ જજ્ઞ વ્રત દાન;**
**મુક્ત તાહિ હોવત સદા, જેહિ ઉર શ્રીભગવાન.**
**જેસો મેં પ્રિય સંતકું, ત્યું મોકું પ્રિય સંત;**
**મુક્ત કહે શ્રીમુખ કહ્યો, મહિમા શ્રીભગવંત.**
**જક્ત દોષ જેના ઉરમાં, અડ્યો નહિ અણુભાર;**
**એવા સંત શિરોમણિ, ત્રિલોકના તારનાર.**

જેમનું મિલન થતાં જ અનંત જીવનો ઉદ્ધાર થતો. જપ, તીર્થ, જાત્રાદિક સાધનોનું ફળ મળતું; અરે...! સૂર્યના કિરણો અંધકારને હરે ત્યાં ફરીને અંધારું આવતું, પરંતુ જે સંતના જ્ઞાનરૂપી પ્રકાશથી અંધારું ટળે ત્યાં ફરીને ક્યારેય અંધારું આવતું નહીં. એવા હરિના હૈયા સમાન સંત એટલે પૂ. જોગીસ્વામી હતા. તેમના ત્યાગ, વૈરાગ્ય, જપ, તપ, ભજન, ભક્તિ, સરળતા, સેવાભાવના, અખંડ સ્મરણ, અહંશૂન્ય જીવન અને પાયાના પથ્થર બની કાર્ય કરવાની ભાવના જેવા અનેક આદર્શ સદ્‌ગુણો સહુના હૈયાને હચમચાવે છે. અને એટલી ઊંચાઈએ પહોંચવા પ્રેરણા આપે છે. આવા સંત એકસોને સાત વર્ષની ઉંમરે શ્રીજીમહારાજની અખંડ સેવામાં પહોંચ્યા છે.

પૂ. સ્વામીશ્રી દ્વારા વહાવેલા શ્રીહરિના ઐશ્વર્ય-પ્રતાપના તો ગ્રંથો થઈ શકે તેમ છે. પરંતુ મેં તો રૂ ના પર્વતમાંથી માત્ર એક પૂણી જેટલો લખ્યો છે. સમુદ્ર જેટલા અગાધતામાંથી માત્ર એક પ્યાલી જેટલો લખ્યો છે. કેમ જે, આવા સંતો તો શ્રીહરિ સમાન છે. જેવો ભગવાનનો મહિમા એવો જે આ સંતનો મહિમા છે. અને જેવા ભગવાનના ગુણો એવા સંતોના ગુણો ગ્રંથોમાં ગવાયા છે. આવા વિરલ વિભૂતિ, વિશ્વવંદનીય, સમર્થ સંત પૂ. પાદ્ જોગીસ્વામી ધામમાં ગયા તેની લોકોને ખબર પડી તો અઢી દિવસમાં સત્સંગી-બિનસત્સંગી અઢીલાખ ઉપરાંત લોકો તેમના અંતિમ દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. તેમની અંતિમ યાત્રા પણ અજોડ અને અદ્વિતીય હતી. થોડા દોહા દ્વારા પૂ. સ્વામીશ્રીને અંતિમ શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું.

दोहा : अनंतकोटी ब्रह्माड में, जीवों का नहि पार;
केवल यह एक पृथ्वी का, गीन लिया हैं इस बार...१
छे अजब उपर हे, छहतर करोर;
इसमें भक्त बहोत होंगे, ताकु वंदु कर जोर...२
इसमें भी भारत में, संत की कहु बात;
करीब पैतीश लाख हैं, इसी वक्त साक्षात...३
लेकिन जोगीजी जैसा, देखा नहि मुझ नयन;
कर रहा हुँ जोगीडा को, मैं आखरी वंदन...४
संवत दो हजार के, सडसठहु की साल;
श्रावण वद नौमी दिन, देखन गये तत्काल...५
स्वामीश्री इस्पिताल में, देखे थे इस अवसर;
तबियत अच्छी थी नहि, मुझको लगा था डर...६
अब स्वामी नहि रहेंगे, ऐसा लगाथा उर;
हमको छोडके जायेंगे, जोगी धाम में जरुर...७
श्रावन वद चतुर्दशी दिन, लाये गये गुरुकुल;
संध्याकाल श्रीहरिने, चुन लीया यह फुल...८
उनकी खुशबु रहेंगी यहा, जब तक सुरज चांद;
सभी संप्रदाय के संतों, भक्तों करेंगे याद...९
जोगीजी की अंतिमयात्रा, रहाहु आज निहार;
अंतिमयात्रा बहु देखी, पर ऐसी पहलीबार...१०
प्रगट श्रीहरिवर रुप थे, जोगी स्वामी सुखदेन;
ज्ञानजीवन कहे मैंने, देखे है मुझ नेन...११

प.पू. श्री जोगीस्वामीजी के पावन चरणों में ये शाब्दिक श्रद्धासुमन सादर समर्पित करता हुँ।

– लि. स्वामी ज्ञानजीवनदास ( कुंडलधाम )

# પૂજ્યપાદ જોગી સ્વામીનો દેહોત્સવ

- શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી (છારોડી)



**"શ્રીજી મહારાજે દેહોત્સવ કરવાનો મનસૂબો કર્યો"**
**"પછી શ્રીજી મહારાજે દેહોત્સવ કર્યો"**

આ વચનો સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની અંતર્ધાન લીલાના સંદર્ભમાં નોંધાયા છે.

ભગવાનના અવતારોના જન્મોત્સવ ઉજવાય, માનવીના જીવનના માંગલિક પ્રસંગોના ઉત્સવો પણ ઉજવાય છે; પરંતુ દેહ છોડવાની કે દેહ પડી જવાની મૃત્યુ સંબંધી ક્રિયાને ઉત્સવ બનાવી દેવો એ તો ભગવાનના સાક્ષાત સંબંધવાળા મહાપુરુષોના જીવનમાં જ સંભવે. આપણે મૃત્યુને અમંગલ - અશુભ ગણીએ છીએ, પરંતુ ભારતીય અધ્યાત્મ ક્ષેત્રે સંત પરંપરામાં દેહના મરણને મંગલમય, આનંદસભર ઉત્સવ સમજવામાં આવે છે અને મહાપુરુષોના દેહત્યાગને 'દેહોત્સવ' તરીકે મનાવવામાં આવે છે.

બ્રહ્માનંદ સ્વામી લખે છે કે, 'મરવું ને મંગળ જાણે.'

કોઈપણ સંત - મહાપુરુષ પોતાના દેહને અલગ અનુભવે અને આત્મભાવમાં પ્રવેશીને પરમાત્માની બ્રહ્મરૂપે ઉપાસના કરે ત્યાર પછી જ તેની ઉપાસનાના પરિપાક રૂપે તેનામાં સંતત્ત્વ પ્રગટે છે અને તેની આ ભગવદ્‌મયી સ્થિતિનો સૌને લાભ મળે છે.

'સંતને સંતપણા રે,માનવા નથી મફતમાં મળતા' એ ન્યાયે આ ભૌતિક જગતમાં રહેવા છતાં જે અલૌકિક જગતમાં વિહાર કરતા હોય છે તેમની પ્રત્યેક ક્રિયા ભગવાનના સંબંધને લીધે નિર્ગુણ બની જાય છે.

પૂજ્યપાદ જોગીસ્વામીનું અખંડ ભગવદ્‌પરાયણ જીવન અને દેહ છોડીને અક્ષરધામ પ્રતિ ગમન આજે સમગ્ર અધ્યાત્મ જગતમાં દિવ્યતાના પડઘા પાડે છે. તેમાં પણ પૂજ્ય સ્વામીજીની અંતિમક્ષણો સર્વ માટે અલૌકિક દિવ્યતાની અનુભૂતિ કરાવનારી બની ગઈ, તેથી જ પૂજ્ય જોગીસ્વામીએ દેહત્યાગ કર્યો એમ નહી કહેતા તેમણે દેહોત્સવ કર્યો છે એમ જ કહેવું પડશે.

પૂજ્ય જોગીસ્વામીના દેહોત્સવના આગમનની એંધાણીઓ અનેક સંતો- હરિભક્તોને અનુભવાઈ હતી.

અમદાવાદ-ગુરુકુલ ખાતે શ્રાવણ માસમાં ૩૨મો જ્ઞાનસત્ર ચાલી રહ્યો હતો ત્યારે પૂજ્ય સ્વામી પ્રત્યેક મહોત્સવમાં પધારે છે તેમજ સ્વસ્થ, પ્રસન્ન અને તેજસ્વી મુદ્રામાં સૌને દર્શન દેવા પધાર્યા હતા. છેલ્લા ૧૦ વર્ષથી પૂજ્ય જોગી સ્વામી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-મેમનગરમાં બિરાજીને સૌને દર્શનનું સુખ આપીને સત્સંગ-ભજનની પ્રેરણા આપતા હતા.

આ જ્ઞાનસત્ર જેવા ઉત્સવના માહોલમાં પૂજ્ય સ્વામીનું આ છેલ્લું સમૂહ દર્શન હશે એની તો કોઈને કલ્પના પણ કેવી રીતે આવી શકે?

૧૦૭ વર્ષની ઉમરનું સ્વસ્થ અને કાંતિમાન શરીર જોઈને દર્શન કરનારા સૌને આશ્ચર્ય થાય એવા જોગી સ્વામીએ વરતાલના ચેરમેન પૂ. ઘનશ્યામ સ્વામીને સ્વપ્નમાં દર્શન દીધા અને ગાલે ટપલી મારીને કહ્યું- 'માળા ગાંડિયા! મારા દર્શન કરી જા.' તંદ્રાવસ્થામાંથી જાગીને ઘનશ્યામ સ્વામીએ બાલસ્વામીને પૂજ્ય જોગી સ્વામીના સ્વાસ્થ્યના સમાચાર પૂછયા અને પોતાને આવેલા સ્વપ્નની વાત કરી. પૂજ્ય સ્વામી ત્યારે સંપૂર્ણ સ્વસ્થ હતા તેથી ઘનશ્યામ સ્વામી




તરત દર્શને ન આવ્યા; પરંતુ ફક્ત બે દિવસમાં જ સ્વામી અસ્વસ્થ થયા અને ડોક્ટર મિત્રોની ભલામણ અનુસાર સ્વામીજીને સ્ટર્લીંગ હોસ્પીટલમાં દાખલ કર્યા. આ વાત સાંભળીને શાસ્ત્રી સ્વામી દોડતા દવાખાને પૂજ્ય જોગી સ્વામીના દર્શન માટે આવ્યા.

ડૉ. વસંત વાલુ સાહેબ, ડૉ.પાર્થિવભાઈ મહેતા, ડૉ. મુકેશ પટેલ, ડૉ.રજનીભાઈ પટેલ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. કમલેશ પટેલ, ડૉ. રોનક શાહ, ડૉ. ભાવિન પટેલ વગેરે ડૉક્ટરોની ટીમ ખૂબ જ ભક્તિભાવથી રાત્રિ-દિવસ પૂજ્ય જોગી સ્વામીની સેવામાં લાગી ગયા.

પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી ગુરુકુલ પરિવારના નિર્મળ અને અનુષ્ઠાનપ્રિય સંત છે. જન્માષ્ટમી ની આગલી રાત્રે ૨:૧૫ કલાકે એમને એક તેજસ્વી દીવ્ય સંતના દર્શન થયા.

એ સંતે કહ્યું, 'પુરાણી! જાગો જાગો, જોગીસ્વામી ધામમાં ગયા.' પુરાણી સ્વામી એકદમ હાંફળા ફાંફળા થઈ જાગી ગયા ત્યાં તો તે સંત દોડતા રુમની બહાર નીકળી ગયા.

પુરાણી સ્વામી પણ દોડતા બહાર આવ્યા અને સાધુ આશ્રમના ઓટલેથી જોયું તો બહાર સુમસામ હતું, કોઈ દેખાણું નહિં!

પૂજ્ય જોગી સ્વામી ધામમાં ગયા તેના આગલા દિવસે પુરાણી સ્વામીએ છારોડી ખાતે મને આ વાત રૂબરુમાં કરી અને કહ્યું કે 'સ્વામી હવે નહી રહે તેવું લાગે છે. માટે આપણે સ્વામીને દવાખાનેથી ગુરુકુલ લઈ જવા જોઈએ.'

મારા મનમાં પણ એવાત સૂદ્રઢ થઈ કે હવે સ્વામીને દવાખાને નથી રાખવાં. સ્વામીની સેવા માટે ગુરુકુલમાં જ જે જોઈએ તે ડોક્ટરો તેમજ સાધનસામગ્રીની બધી જ વ્યવસ્થા ઉભી કરવી પણ હવે સ્વામીને ગુરુકુલ જ લઈ જવા.

બીજી આશ્ચર્યની વાત એ છે કે પુરાણી સ્વામીને દર્શન થયા એજ સમયે પૂજ્ય પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીને પણ પોતાના આસનની બારીમાં જોગી સ્વામીના દિવ્ય દર્શન થયા હતા.

હોસ્પિટલમાં દર્શનાર્થીઓનો ધસારો ન થાય એવા આશયથી પૂજ્ય જોગીસ્વામીની બિમારીના સમાચાર સંતમંડળ અને નજીકના ભક્તો સિવાય બહુ જાહેર કર્યા નહોતા; તોપણ આજના મોબાઈલના યુગમાં વાયુવેગે વાત ફેલાઈ ગઈ.

વરતાલ ગાદીના પીઠાધીશ્વર પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીરાકેશપ્રસાદજી મહારાજ પણ જોગીસ્વામીને દર્શન દેવા અને સ્વાસ્થ્યના સમાચાર જાણવા પધાર્યાં. સાથે પૂ. ધનશ્યામ સ્વામી પણ ફરીથી સ્વામીના દર્શને આવ્યા.

દવાખાનામાં પૂજ્ય સ્વામીજીના શરીરની કાંતિ યથાવત હતી, મુખ ઉપર પીડીની કોઈ રેખા દેખાતી નહોતી. પૂજ્ય સ્વામી સંપૂર્ણ પણે દેહાતીત અવસ્થામાં વિહરતા હતા. સૌ સંતોને આશા બંધાતી હતી કે પૂજ્ય સ્વામી થોડા દિવસમાં સ્વસ્થ થઈ જશે; પરંતુ આ વખતે આ જોગી જાણે કોઈ અલૌકિક ખેલ ખેલી રહ્યા હોય તેમ સૌને આશ્ચર્યમાં નાખી રહ્યા હતા.

થોડા દિવસોના ચડાવ-ઉતાર બાદ આ જોગીડાએ પોતાની વૃતિઓ સંકેલી લીધી અને સેવા કરી રહેલા ડોક્ટર મિત્રો પણ મુંઝાઈ ગયા.

પૂજ્ય જોગીસ્વામીના દીર્ધાયુષ સાથે સ્વાસ્થ્ય માટે મેમનગર ગુરુકુલમાં દર શનિવારે સમૂહ મંત્રલેખનનું આયોજન પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું.

સ્વામી ધામમાં ગયા એના એકાદ અઠવાડીયા પહેલા કોણ જાણે કઈ રીતે પૂ. બાલ સ્વામીને અંતરમાં પ્રેરણા થઈ કે આપણે શનિવારને બદલે રવિવારે સમૂહ મંત્રલેખન રાખીએ!!!

કેમ જાણે જોગીસ્વામીના અક્ષરવાસના આગમનની એંધાણી મળતી હોય તેમ શનિવારને બદલે રવિવારે સાંજે ૫.૩૦ થી ૭.૩૦ સમૂહ મંત્રલેખન કરવાનું નક્કી થયું.

આ બાજુ શ્રીજી મહારાજના સંકેતને સમજીને તાત્કાલિક પૂજ્ય સ્વામીજીને મેમનગર દવાખાનેથી ગુરુકુલ

ખાતે તેઓશ્રીના કાયમી નિવાસના આસને પધરાવવામાં આવ્યા.

બહુ મોટી ઉંમરને લીધે સ્વામીના અન્ય અંગો શિથિલ થયાં હતાં. પરંતુ હૃદય તો સ્વસ્થ માણસની જેમ જ ધબકતું હતું. એટલે સ્વામી હજુ થોડો સમય પૃથ્વી પર રોકાશે એવી સર્વનાં અંતરમાં આશા હતી.

આગળની સારવાર કઈ રીતે ચાલું રાખવી એનું આયોજન થઈ રહ્યું હતું. પરંતુ શ્રીહરિ અને સ્વામીનું આયોજન જુદુ જ હતું. જાણે એમણે ચૌદ ચૌદ દિવસ સુધી કાળને ઠેલી રાખ્યો હતો. સ્વામી ગુરુકુલની પુણ્ય ભૂમિમાં પધારીને દેહ છોડવાની જાણે રાહ જોઈ રહ્યા હતાં. કટોકટી ભર્યો સમય વીતી રહ્યો હતો. પૂ. સ્વામી દવાખાનાથી ગુરુકુલ પધાર્યા એને આશરે દોઢ કલાક થવા આવી હતી.

મેમનગર ગુરુકુલમાં સ્વામિનારાયણ નામની ધૂન અને મંત્રલેખન ચાલી રહ્યા હતા. ગુરુકુલ પરિવારના સર્વે સંતો પૂજ્ય જોગીસ્વામીની સમીપમાં ઊભા રહી, હવે શું થશે ? એવા ઉચાટ ભર્યા હૈયે મહારાજને પ્રાર્થના કરતા કરતા સ્વામીના દર્શન કરી રહ્યાં હતાં.

પુરુષોત્તમ નારાયણનો પ્રભાવ સમગ્ર વાતાવરણમં ફેલાઈ રહ્યો હતો અને પૂજ્ય સ્વામી જાણે કે અક્ષરધામમાં જવા માટે ઉત્સુક બન્યા હોય તેમ એક શાંત-સરળ બાળકની જેમ પોઢી રહ્યા હતા. સ્વામીના ચહેરા ઉપર પ્રસન્નતા અને શાંતિ પથરાયેલી હતી; એ જ સમયે ડોક્ટર મિત્રોએ સર્વેને પૂજ્ય સ્વામીજીના અંતિમ દર્શન કરી લેવા સૂચના આપી.

આ આઘાતજનક સૂચના સાંભળીને સૌ સંતો ભાંગી પડ્યા અને શ્રીજી મહારાજના નામસ્મરણ સાથે પૂજ્ય સ્વામીજીના મુખમાં તુલસીપત્ર સાથે પ્રસાદીભૂત તીર્થજળ પધરાવવા લાગ્યા. પૂજ્ય સ્વામીએ ઉપસ્થિત સર્વ સંતોના હાથે તીર્થજળ સ્વીકાર્યુ.

પૂજારી સંતો બાકી રહી જતા હતા. 'સ્વામીના શરીરમાં ચેતન હોય ત્યાં તેમને હાથે પણ તીર્થજળ પધરાવાય તો એ સંતોને સૂતક ન લાગે.' એવા વિચારથી પૂજારી સંતોને તાત્કાલીક બોલાવવામાં આવ્યા. એમણે પણ પૂજ્ય સ્વામીના મુખમાં તીર્થજળ પધરાવ્યું અને સ્વામીએ તે સ્વીકાર્યુ. પૂજારીઓ તુરત જ મંદિરમાં ગયા.

આમ ઉપસ્થિત સર્વ સંતોને ધન્ય બનાવી સ્વામી છેલ્લા શ્વાસ લેવા લાગ્યા, ધીરે રહીને નેત્ર બિડાયા, મુખારવિંદ બિડાયું, શરીરમાં અલૌકિક કાંતિ પ્રગટી,ધીમે ધીમે શ્વાસોચ્છવાસ સંપૂર્ણ બંધ થયા અને અખંડ ભગવદ્‌પરાયણ પૂજ્યપાદ જોગીસ્વામીએ બ્રહ્મરંધ્રના માર્ગે અક્ષરધામની વાટ લીધી. સ્વામીના બ્રહ્મરંધ્રનો ભાગ પોચી રૂની ગાદી જેવો બની ગયો જેના સર્વ સંતો સાક્ષી છે.

રવિવાર તા.૨૮ ઓગસ્ટ - ૨૦૧૧ ની સંધ્યાનો એ સમય એટલે ૭ કલાક અને ૭ મિનિટ સંધ્યા આરતીનો સમય. મંદિરોમાં આરતીઓ પ્રગટી અને આપણા જોગીસ્વામીએ અક્ષરધામના ઝાલર-નગારા વગાડ્યા.

'ધન્ય ધન્ય એ સંત સુજાણને ...' જેણે આજીવન પુરુષોત્તમનારાયણની શ્વાસોચ્છવાસે માળા જપી, ઉપાસના કરીને એક આદર્શ ભક્ત આદર્શ સંતનું ઉદાહરણ પુરુ પાડતા ગયા.

જૂનાગઢ જિલ્લાનું નાનકડુ ગામ. ગામનું નામ 'ખારચિયા વાંકુના'. આ ગામમાં સ્વામિનારાયણ મંદિરમાં સવાર-સાંજ નાનુભાઈ ભરાડ ઠાકોરજીની સેવા-પૂજા આરતી કરે. આજે રવિવારે નાનુભાઈ કામકાજમાં રોકાયેલા હોવાથી એના ભાઈ ચંદુભાઈ સંધ્યા આરતી ઉતારી રહ્યાં હતાં; ભગવાન શ્રીહરિની આરતી કરી લીધા પછી મંદિરમાં પધરાવેલ સંતોની છબીઓને આરતીની આશકા દઈ રહ્યા હતા ત્યારે પૂજ્ય જોગીસ્વામીની છબીમાંથી આરતીના પ્રકાશ સાથે એક તેજ લિસોટો નીકળ્યો અને સિંહાસનમાં બિરાજમાન શ્રીજી મહારાજના સ્વરૂપમાં વિલીન થઈ ગયો.

ચંદુભાઇ કાંઇ સમજી શક્યા નહીં પરંતુ આ દિવ્યતાનો અનુંભવ તેને અકળાવી ગયો. આરતી પછી દોડતા ઘેર આવીને એમણે પોતાના ભાઇ નાનુભાઇ ભરાડને વાત કરી. 'ભાઇ! મને લાગે છે કે જોગી સ્વામી ધામમાં ગયા.'

નાનુભાઈએ થોડી વાર પહેલા જ મેમનગર ગુરુકુલમાં ફોન કરીને જોગી સ્વામી હજુ સ્વસ્થ છે તેવા સમાચાર જાણ્યા હતાં, તેથી પોતાના ભાઈની વાત માની નહીં. પરંતું થોડા જ સમયમાં ચારેબાજુ વાયુવેગે વાત ફેલાઇ ગઇ કે ''પૂજ્ય જોગી સ્વામી અક્ષર ધામમાં સિધાવી ગયા છે.'' ત્યારે નાનુભાઈને મનાણુકે ચંદુની વાત સાચી છે.

પૂજ્ય જોગી સ્વામી સાથે જોડાયેલા અનેક સંતો અને મહાનુભાવો સહિત હજારો લોકો પૂજ્ય સ્વામીના અંતિમ દર્શન કરવા માટે મેમનગર ગુરુકુલમાં ઉમટી પડ્યા.પૂજ્ય સ્વામીના પાર્થિવ શરીરને તા. ૨૮ થી ૩૧ ઓગસ્ટ સુધી કોઇ પણ જાતની સંરક્ષક દવાઓ વિના ત્રણ રાત્રિ અને ત્રણ દિવસ રાખવામાં આવેલ.

ત્રણ ત્રણ દિવસ સાચવી રાખેલા તેઓશ્રીના પાર્થિવ દેહમાં કોઇ પ્રકારની વિકૃતિ નહીં, આખું શરીર હીરની ફેલની જેમ વાળી શકાય, બેસાડી શકાય, સ્નાન વગેરે કરાવી શકાય એવું હળવા ફુલ જેવું રહ્યું અને શરીરની તેજોમય કાંતિ, મુખની પરમ શાંતિ સાથેની પ્રસન્નતા જોગી સ્વામીના આંતરિક ઐશ્વર્યની પ્રતીતિ સૌને કરાવતા હતાં. સમાધીસ્થ

સિધ્ધપુરુષના જેવું તેમનું દિવ્ય દર્શન કરતાં ભલભલાના મુખમાંથી આશ્ચર્યના ઉદ્ગાર સરી પડતા હતા.

સેવક સંતો પૂ. વિશ્વવિહારી સ્વામી,પૂ. શ્રી વલ્લભ સ્વામી વગેરેને એવો જ અનુભવ થયો કે પૂજ્ય જોગી સ્વામી આપણી વચ્ચે જ બિરાજમાન છે અને નિયમિત સેવાનો લાભ આપી રહ્યાં છે.

પૂજ્ય જોગી સ્વામીના અંતિમ દર્શન અને અગ્નિ સંસ્કાર માટે સમગ્ર સંપ્રદાયની વિવિધ શાખા પ્રશાખાઓના સંતો દર્શન કરવા પધાર્યા. હજારો ભાવિકોએ દર્શન કર્યા. વિવિધ પક્ષના અનેક રાજકીય નેતાઓ તેમજ સામાજીક અગ્રણીઓ પૂજ્ય સ્વામીના દર્શને પધાર્યા. ઈંગલેન્ડ, અમેરીકા, આફ્રિકા, સીસલ્સ, ઓસ્ટ્રેલીયા વગેરે દેશોના ભક્તો તત્કાલ ટીકીટો મેળવી પૂજ્ય સ્વામીના દર્શને પધાર્યા.

પૂજ્ય સ્વામીની સેવા કરનારા ડૉક્ટરોનો અભિપ્રાય એવો હતો કે, 'પૂજ્ય સ્વામીના પાર્થિવ શરીરને બરફની પાટ ઉપરથી બહાર લીધા બાદ બે જ કલાકમાં બધો વિધિ આટોપી લેવો જોઈએ. નહીંતર શરીરમાં વિકૃતિ થઈ શકે છે.' પરંતુ આ સમય મર્યાદા જાળવવી કોઈ રીતે શક્ય નહોતી. એટલે આખરે બધુ જ મહારાજના ભરોસા ઉપર છોડવામાં આવ્યું હતું. અને એ ભરોસો અદ્ભૂત રીતે ખરો ઉતર્યો હતો.

સવારમાં સાડા સાત વાગ્યે દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્યજીએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજ્ય સ્વામીના પાર્થિવ શરીરને સ્નાન કરાવવાનો વિધિ શરૂ કર્યો. મંત્રગાન સાથે થઈ રહેલા વિધિ સમયે વાતાવરણ અત્યંત દિવ્ય અને ભાવપૂર્ણ બન્યું હતું.

પ્રકૃતિ કે સમયનો કોઈ પ્રભાવ આ મહાપુરુષના શરીરમાં વર્તાતો ન હતો.

હસમુખભાઈ પાટડીયાના કંઠે ગવાતા વંદુના ગાનને હજારો ભક્તો ઝીલી રહ્યા હતા.

સ્વામીની અંતિમ પાલખીયાત્રા શરૂ થઈ. સ્વામીના છેલ્લા દર્શન માટે માનવ મહેરામણ ઉમટ્યો હતો. મંત્રગાન, ધૂન ભજન સાથે પાલખી જીર્ચ્ઁના પ્રાંગણમાં પહોંચી.

આશરે સવારના સાડા દશ થવા આવ્યાં હતાં. ધામધામના સંતો પૂજ્ય સ્વામીને અંજલી અર્પણ કરવા પધાર્યા હતા. જીર્ચ્ઁ કેમ્પસમાં માનવ મહેરામણ મા'તો નહોતો.

ધર્મગુરુઓની સાથોસાથ શહેરો અને દૂરદૂરના ગામડાઓમાંથી ભક્તજનોનો સમૂદાય ઉમટ્યો હતો. દેશ-વિદેશના હજારો ભક્તો પૂજ્ય સ્વામીના છેલ્લા દર્શન કરી રહ્યાં હતાં.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ સ્વામીની અંતિમ વિધિમાં ભાગ લેવા પધાર્યા હતા.

જીવનભર પૂજા, પ્રશંસા અને પ્રસિદ્ધિથી પર રહેલા આ મહાપુરુષના પાર્થિવ શરીરની છેલ્લી આરતી ઉતરી.

સમગ્ર પ્રકૃતિએ પણ પોતાનું શાંત, શીતળ વર્ષામય સ્વરુપ પ્રગટ કરીને પૂજ્ય સ્વામીને અંતિમ પ્રણામ કર્યા.

અક્ષરમુક્તો આકાશમાંથી અમૃતના બુંદો વરસાવી જાણે પૂજ્ય સ્વામીનું અભિવાદન કરી રહ્યા હતા.

ઝીણી વર્ષાના બુંદમાં ચંદનનો છંટકાવ પણ કેટલાક ભાવિક ભકતજનોને અનુભવાયો. ડૉક્ટરોએ આપેલી સમય મર્યાદા તો ક્યારની પૂરી થઈ ગઈ હતી. સ્વામીના શરીરને બરફમાંથી બહાર લીધા બાદ પાંચ પાંચ કલાક વીતી ગયા હતાં.

સ્વામી જાણે ડગલે અને પગલે વિજ્ઞાનથી પર દિવ્ય શક્તિનાં દર્શન કરાવી રહ્યાં હતાં.

આશરે સાડા બારના સુમારે પૂજ્ય જોગી સ્વામીના શરીરને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

મહાન મુક્તનું પાર્થિવ શરીર પંચભૂતોને પાવન કરવા પંચભૂતોમાં વિલિન થયું.

આ સંત જીવનની ઘટમાળનો ભૌતિક જગત કે ભૌતિક વિજ્ઞાન સાથે મેળ ન પડે એ હકીકત છે.

જેના શ્વાસમાં હરિનું નામ જોડાયેલું રહેતું, જેની આંખો સતત હરિ દર્શન કરતી, જેની વાણીમાં હરિનો પ્રકાશ પથરાતો અને જેનું સમગ્ર વ્યકિતત્વ ભગવતમય બની ગયું હતું. એવા અખંડ ભગવત પરાયણ પૂજ્ય જોગી સ્વામીના દર્શન,પૂજન અને સેવા કરનારા સૌના અંતઃકરણ સાક્ષી પુરે છે કે જોગી સ્વામી હજુ પણ મહારાજની સાથે આપણી વચ્ચે બિરાજમાન છે.

પૂજ્ય જોગી સ્વામીનું શરીર ૧૦૭ વર્ષ સુધી આ ધરતી ઉપર સ્વસ્થ રીતે રહ્યું તેની પાછળ ભગવાન શ્રીહરિની મરજી તો ખરીજ પરંતુ સાથોસાથ પૂજ્ય સ્વામીની નિરંતર સેવા કરનાર સેવક સંત શ્રી વિશ્વવિહારી સ્વામી તથા શ્રી શ્રીવલ્લભ સ્વામીએ અનન્યભાવે જે સેવા કરી તે પણ કારણભૂત છે. ઉપરાંત અન્ય સંતોએ પણ રાત્રિ-દિવસ જોયા સીવાય પૂજ્ય સ્વામીની સેવામાં મૌનભાવે અને કોઈ ન જાણે એ રીતે ખૂબજ સેવાઓ કરી છે. તે સર્વ સેવક સંતોને હાર્દિક વંદન.

# અખંડ ભગવત પરાયણ પૂજ્ય શ્રી જોગી સ્વામી

- મહંત સ્વામી શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી (ગુરુકુલ રાજકોટ)

હાથ હૈયુંને હોઠ જેમના ' સ્વામિનારાયણ ' મંત્રજપરત હતા, જે ભોજન નહિ પણ ભજનના પ્યાસી હતા તેવા પૂ. શ્રી જોગી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (દેવજી ભગત)નો જન્મ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના જન્મ ગામ ભાદરામાં તા. ૬-૫-૧૯૦૫ સંવત્ ૧૯૬૧ના વૈશાખ સુદ - ૨ને શનિવારે થયલો.

ભાદરાના ૧૮ મુક્તો મહારાજ છતાં હતા. પૂ. શ્રી જોગી સ્વામી ૧૯મા મુક્ત. ગોંડલ શ્રી સ્વામિનારાયણ મંદિરના કૈલાસ બાગમાં ૩૯ વર્ષના દેવજી ભાઈને જૂનાગઢના સમર્થ સંત માનત સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામીનો યોગ થયો. પાર્ષદ વેશે એકાદ વર્ષ રહ્યા ને જૂનાગઢમાં રાજકોટ ગુરુકુલના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સંવત્ ૨૦૦૧માં ૨૧ દિવસનો મોટો ઉત્સવ કરેલો ત્યારે પૂ. આચાર્ય મહારાજ શ્રી આનંદપ્રસાદજી મહારાજે આ પાર્ષદ શ્રી દેવજી ભગતને તા. ૭-૩-૧૯૪૫ સંવત્ ૨૦૦૧ના ફાગણ વદ-૮ના દિવસે દીક્ષા આપી શ્રી હરિપ્રકાશદાસ નામ ધરાવ્યું.

ગુરૂ શ્રી માનત સ્વામી સાથે રીબ અને મેંગણી દેશના વારા વખતે ગામડાઓમાં વિચરણ કર્યું. રાજકોટ દાણાપીઠમાં જૂના મંદિરના વારામાં સેવા કરી. ગુરૂએ જૂનાગઢ દેશના ટીંબી ગામે તા.૩૧-૧-૧૯૫૨ સંવત્ ૨૦૦૮ના વસંત પંચમીએ ધામમાં જતા પહેલા કહ્યું કે કુળ(ગુરુકુળ)માં રહેજે. પછી એકાદ વરસ વડિલ ગુરૂભાઇ ગવૈયા શ્રી ગોવિંદપ્રકાશદાસજી સ્વામી સાથે રહ્યા. સંવત ૨૦૦૯થી રાજકોટ ગુરુકુલમાં શાસ્ત્રીજી મહારાજશ્રી ધર્મજીવનદાસજી સ્વામી પાસે કાયમી રહ્યા. ગામડાઓમાં અખંડ ધૂનો કરાવતા, કથાવાર્તા કરતાં, હરિભક્તોની પ્રાર્થનાથી કુવા જોઇ આપતાં, શારીરિક દુઃખીયાના દુઃખ ટાળતા મહારાજના પ્રસાદીના નખ કેશ જળમાં બોળી જળ આપી દુઃખ દૂર કરવા મહારાજને કહેતાં. દરેક એકાદશી, પુનમ, હરિજયંતી, અમાસના નકોરડા ઉપવાસ કરી જાગરણ કરતાં.

ગુરુકુલમાં ઠાકોરજી માટે બગીચાની સેવા કરતા ને વિદ્યાર્થીઓ પાસે કરાવતા. ગુરુકુલથી રાજકોટ મંદિરે દરરોજ હાર મોકલતા, તેમજ વરતાલ, ગઢડા, જૂનાગઢ, ભૂજ, ધોલેરા, જેતપુર કોઇ સંતો હરિભક્તો જાય છે તેમ ખબર પડે તુરત હાર બનાવી દેવ માટે મોકલતા.

એક વખત શ્રી જોગી સ્વામીએ શ્રી હરિપ્રસાદદાસજી સ્વામી રાજકોટથી વડતાલ પદયાત્રાએ નીકળેલા.ગઢપુરથી ધોલેરા જતાં હરિજયંતીએ ઉપવાસ કર્યો. દશમને દિવસે ફક્ત શીંગદાણાથી જ પારણું કર્યુ. એકાદશીએ ઉપવાસ ને બારસે ભાલમાં કાંઇ અનુકુળતા ન થવાથી મહારાજે ખરડ ગામમાં સ્વામિનારાયણ મંદિરમાં પૂજારીને દર્શન દઇને કહ્યું : મારા બે સાધુ રાજકોટ ગુરુકુલથી વડતાલની યાત્રાએ નીકળ્યા છે. ત્રણ ત્રણ દિ'ના ભૂખ્યા - તરસ્યા છે.

થોડા સમયમાં આવશે તેને જમાડજો. મહારાજના દિવ્યરૂપે કહેવાથી રાહ જોઇ રહેલા પૂજારીએ શ્રી જોગી સ્વામી અને હરિપ્રસાદ સ્વામી પધારતા પ્રેમથી જમાડયા, પૂજારીએ મહારાજે કરેલી વાત કરી. સંતોને થયું મહારાજ આપણું કેટલુ બધુ ધ્યાન રાખે છે !

શ્રી જોગી સ્વામીએ હરિમંદિરો બાંધી આચાર્ય મહારાજના હસ્તે પ્રતિષ્ઠાઓ કરાવી છે. મોટા મંદિરોના પાટોત્સવમાં અચુક પહોંચતા અને રાત્રે પ્રદક્ષિણામાં બેસી ભક્તો સાથે જાગરણ કરતાં.

રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની મરજી અનુસાર પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા શ્રી જોગી સ્વામી ડાબા જમણા હાથ બની સતત સેવા કરતા રહ્યા છે. ગુરુકુલમાં એમના આસને સતત વચનામૃતનું વાંચન, સંતો, વિદ્યાર્થીઓ ને હરિભક્તો કરતાં રહેતા. ત્રેપન વર્ષ સુધી કથાવાર્તા કરવા - સાંભળવાનો અખાડો રાજકોટ ગુરુકુલમાં તેમના સામીપ્યમાં ચાલુ રહેલો.

ભજન તેમને બહુ વહાલું હતું પરિણામે સુરત ગુરુકુલના ખાત મૂહુર્તમાં ૧૦૮ કલાક અખંડ ધૂન કરાવેલી. પછીથી ૧ મહિનાની ને ત્યાર પછી એક વરસની ધૂન કરાવી પૂર્ણાહુતિ કરવા પધારેલા. છેવટે પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ આજીવન અખંડ ધૂન કરવાની પૂ.સ્વામીને વાત કરી તો અતિ રાજી થયા ને તા. ૨૫-૧૨-૧૯૯૭એ અખંડ ધૂનનો પ્રારંભ કરાવ્યો. એમના અક્ષરવાસના સમયે તા. ૨૮-૮-૨૦૧૧ સાંજે ૭:૦૭ વાગે સુરતની અખંડ ધૂનને ૧,૧૯,૮૭૫ કલાક પૂર્ણ કરેલ. જે મુક્ત પુરુષના એક શુભ સંકલ્પે શક્ય બનતું રહ્યું છે.

છેલ્લા છ સાત વર્ષથી શ્રી જોગી સ્વામીજી મહારાજ પાસે જવાની ઘણી ઉતાવળ કરતાં પરંતુ સંતો ભક્તોની પ્રાર્થનાથી શ્રીજી મહારાજે પૃથ્વી પર રાખ્યા. પરંતુ જોગી સ્વામીએ કેવળ ભાવ સમાધિની દશા ગ્રહણ કરી. મહારાજની મૂર્તિમાં જ ત્રણે અવસ્થામાં લીન રહેતા.

થોડાક દિવસ શ્વાસની તકલીફ જણાતા અમદાવાદ મેમનગર ખાતે સ્ટર્લીંગ હોસ્પિટલમાં રહ્યા. પરંતુ હવે વધુ ન રોકાવાની ઈચ્છા સ્વામીએ કરી. તા. ૨૮ના સાંજે છ વાગે ગુરુકુલમાં પધાર્યા ને સંતોના સાનિધ્યમાં જ સાંજે ૭-૦૭ કલાકે ૧૦૭ વર્ષની વયે શ્રીજી મહારાજના સામીપ્યમાં - અક્ષરધામમાં સદાને માટે સેવામાં પહોંચી ગયા.

ભજન જેમને બહુ વ્હાલુ હતું તેવા શ્રી જોગી સ્વામીની સ્મૃતિમાં નર્મદા ગુરુકુલ ખાતે અખંડ આજીવન ધૂન થશે. તથા રાજકોટ અને સુરત ગુરુકુલમાં શ્રીમદ્ સત્સંગિજીવનની પારાયણ યોજાશે.

# પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ અ.નિ. જોગી સ્વામીના ચરણોમાં શ્રધ્ધા સુમન...

- પ્રમુખ શાસ્ત્રી સ્વામી શ્રી ભગવત્‌ચરણદાસજી, પ્રમુખશ્રી રાધારમણ દેવ સત્સંગ વિકાસ પરિષદ્‌ જામજોધપુર.



**સદ્‌ગુણના સિંધુ ગંભીર, સ્થિરમતિ અતિશય ધીર,**
**માન અભિમાન નહિ લેશ, એવા સંતને નામું હું શીશ.**

સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની પરંપરાના વચનસિધ્ધ સંત માનત સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામીના બે શિષ્યોમાં પહેલા શિષ્ય ગવૈયા સ્વામી શ્રી ગોવિંદપ્રકાશદાસજી કે જેઓ હજી ૧૦૦ વર્ષની અવસ્થાએ ભગવાન શ્રીહરિનું ભજન કરી રહ્યા છે. અને બીજા શિષ્ય જોગીસ્વામી શ્રી હરિપ્રકાશદાસજી જેઓ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના જન્મથી તીર્થરૂપ બનેલી ભૂમિ ભાદરા ગામથી શ્રીહરિને પામવા ઘર છોડી, ગોંડલ આવી સંતોના સાનિધ્યમાં માનત સ્વામી તેમજ ગવૈયા સ્વામીની સાથે તેઓની આજ્ઞામાં રહ્યા.

છ માસ સુધી ગાયોની મહીમાંથી સેવા કરી (જોગીસ્વામીની) મુમુક્ષુતા અને ત્યાગ વૈરાગ્ય જોઈ, મહંત સ્વામીએ સંવત-૨૦૦૧ ની સાલમાં જુનાગઢમાં પૂ. શાસ્ત્રીજી મહારાજે યોજેલા મહા વિષ્ણુયાગ પ્રસંગે પધારેલ આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજના શુભ હસ્તે ભાગવતી દિક્ષા લીધી અને સાધુ હરિપ્રકાશદાસજી એવું શુભ નામ સ્વીકાર્યું.

સાધુ થયા પછી માનત સ્વામીની અનુવૃત્તિમાં રહી. મહિમાથી સેવા કરી, મહંત સ્વામી એમના પર બહુ રાજી થયા, એટલુજ નહિ પણ એમની આવી સેવા તથા તપ, ત્યાગ અને ભજન સ્મરણ વગેરે શુભ ગુણોથી પ્રભાવિત થઈ એમનુ ''જોગી'' એવુ નામ પાડ્યુ અને માનત સ્વામી પોતે પણ જોગી કહીને બોલાવતા ત્યારથી પછી સ્વામિ હરિપ્રકાશદાસજી જોગીસ્વામીના નામે ઓળખાવા લાગ્યા.

જોગીસ્વામી ગુરૂમાનત સ્વામીની રીત ભાત, ભજન-સ્મરણ, વ્રત-ઉપવાસ, દયાળુ સ્વભાવ વગેરે ગુણોને પોતાના જીવનમાં ઉતારવાનો સતત પ્રયાસ કરતા રહ્યા અને માનત્‌ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજની કૃપા તેમજ શ્રીહરિના ભજન સ્મરણના પ્રતાપે અનેકના કષ્ટો નિવારી પ્રભુ પરાયણ કર્યા છે.'' ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઉલટી પલ્ટયુ આપ...સંત તે સ્વયંહરિ.''

આવા સરલ સ્વભાવના, પરઉપકારી, અખંડ ભગવત પરાયણ સંત પૂ. જોગીસ્વામી ૧૦૭ વર્ષની વયે અક્ષર નિવાસી થતાં સંપ્રદાયને એક બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂની ક્યારેય ન પુરી શકાય તેવી ખોટ પડી છે. ત્યારે જુનાગઢ પ્રદેશના તમામ સંતોવતી હું શાસ્ત્રી સ્વામી શ્રી ભગવત્‌ચરણદાસજી સંત મંડળે સહિત પૂજ્ય સ્વામીના ચરણોમાં શ્રધ્ધા સુમનની સાથે સાથે સત્‌સત્‌ વંદન.

# શ્રાદ્ધપર્વ

આપણી ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાનું સ્થાન આગવું છે. તેથી કોઈ કવિએ કયું છે કે,"ભૂલો ભલે બીજું બધું પણ મા-બાપને ભૂલશો નહી." માતા-પિતાની મૃત્યુ પછી તેમના આત્માની શાંતિ તથા ઉદ્ધાર માટે તેમને ઉદ્દેશીને અન્ન અને ધનાદિકનું દાન કરવું તેને શ્રાદ્ધ કહેવાય છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધાના પર્વ "શ્રદ્ધાસ્ત્યસ્મિન્નતિ શ્રાદ્ધઃ"

ભાનુ સ્મૃતિમાં કહ્યું છે કે "श्राद्धकल्पं च शाश्वतम् " (૧/૧૧૨) શ્રાદ્ધ કર્મ શાશ્વત છે. તેથી દરેક વર્ણના મનુષ્યોએ કરવું જોઈએ અને તે શ્રાદ્ધ નિત્ય કરવાની પણ આજ્ઞા મનુસ્મૃતિમાં કહી છે.

"कूर्यादहरहः श्राद्धमन्नधेनोदकेन वा ।
पयोमूल फलैवडिपि पितृभ्यः प्रीतिमावहन ॥

ગૃહસ્થાશ્રમી તેણે અન્નાદિક જલ દહીં દૂધથી વગેરે પોતાના પિતરોને સંતૃષ્ટ માટે પ્રતિદિન શ્રાદ્ધ કરવું.

ભગવાન સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં પોતાના જે આશ્રિત જન તેમને આજ્ઞા કરી છે.

"देवं पैत्र्य यथाशक्तिकर्तव्यं च यथो चितम्"

ગૃહસ્થાશ્રમી હોમાદિક જે દેવ કર્મ અને શ્રાદ્ધાદિક અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે તે પોતાના સામર્થ પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. બહ્મવૈવર્ત પુરાણમાં લખ્યું છે કે અને જે દેવકર્મ તથા શ્રાદ્ધાદિક જે કર્મ ન કરે રૌરવ નરકમાં જાય છે.

"देवं पित्र्यं यथाशक्ति यो नाचरति मूद्र घी !
क्षीणपुण्यः पतत्येव रौख्ये स न संशय : "

તેથી શ્રાદ્ધાદિક કર્મ ગૃહસ્થોએ જરૂર કરવું જોઈએ.

"श्राध्धाया क्रियते श्राध्धम् "જે શ્રદ્ધાથી કરવામાં આવે તે શ્રાધ્ધ કહેવામાં આવે છે. શ્રાધ્ધમાં મુખ્યતઃ બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે છે. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી તે સ્વર્ગ સુધી તે પહોંચે છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે જ્ઞાનથી શ્રેષ્ઠ બ્રાહ્મણ અર્થાત્ શ્રોત્રિય બ્રાહ્મણને શ્રાધ્ધ તથા યજ્ઞોમાં ભોજન આપીએ તો અધિક ફળ પ્રાપ્ત થાય છે. શ્વાન સાથે ક્રિડા કરવાવાળા આચરણ ભ્રષ્ટ બ્રાહ્મણ હોય તેને શ્રાધ્ધમાં ભોજન કરવા આમંત્રણ ન આપવું જોઈએ અને જે શ્રાધ્ધમાં તેવા બ્રાહ્મણને નિમંત્રિત કોઈ કારણથી કરે અને તે ભોજન કરે તો તે બીજા જન્મમાં સુવર થાય છે અને બ્રહ્મણ-શુદ્ર સાથે સંભોગ કરે તો તે શ્રાધ્ધના પાપાનો પ્રાયશ્ચિત બને છે. શ્રાધ્ધમાં ક્યારેક પણ મિત્રને ભોજન માટે આમંત્રણ ન આપવું જોઈએ. તેવું મનુસ્મૃતિમાં કહ્યું છે. "ન શ્રાધ્ધ ભોજયેન્મિંત્ર" અને જે કવ્ય અર્થાત્ પિતરોને ઉદેશીને કરાયેલા શ્રાધ્ધમાં તથા હવ્યમાં મિત્રને મુખ્યતા ભોજન કરાવે તો તે કવ્ય તથા હવ્ય (શ્રાધ્ધ તથા યજ્ઞ )પરલોકમાં કોઈ ફળ આપતું નથી. અર્થાત્ પરલોક પ્રાપ્તિ માટે શ્રાદ્ધ તથા યજ્ઞમાં મિત્રોને પ્રધાનતઃ ભોજન કરાવું કે દાન આપવું તે નિષ્ફળ છે.

यस्य मित्र प्रधानानि श्राध्धानि च हवीषि च
तस्य प्रेत्य फलं नास्ति श्राध्धेषु च हविःषु चक्र

આ બધા વિધાનો શાસ્ત્રમાં મુખ્ય છે. પરંતુ દેશકાળ અનુસાર ગૌણ વિધાન પણ છે કે નાના, મામા, ભત્રીજા, અસુર, ગુરુદૌહિત્ર, જમાઈ, ભાઈ, ઋષિવંજ તથા યજ્ઞ કર્તા ને શ્રાધ્ધધર્મ ભોજન કરાવવાની છૂટ છે.

પિતૃ શ્રાધ્ધ માટે બિહારનું ગયાજી સ્થળકે જ્યાં બુદ્ધને બ્રહ્મજ્ઞાન થયેલુ મનાય છે. એટલે પિતૃશ્રાધ્ધ ગયાજી સિવાય બીજે થતું નથી. તેજ પ્રમાણે "માતૃ શ્રાધ્ધ" સિદ્ધપુરની ધરતી પર જ થાય છે. તેમ છતાં આજના યુગની વ્યસ્ત જીંદગીમાં સગવડતા ખાતર પવિત્ર નદીઓ, પવિત્ર કુંડો અને તીર્થસ્થળોએ મૃાત-પિતૃનું તર્પણ કરીને મન મનાવી લે છે. ભગવાન શ્રી વિષ્ણુંજીએ વ્યાસ મુનિના મુખે અહી પ્રથમ ભાગવતનું શ્રવણ કરેલું જેમાં 'માતૃમહિમા' અને 'માતૃશ્રાધ્ધ' વિષે સવિસ્તાર કથા શ્રવણ કરીને પ્રભુની આંખોમાંથી બિંદુ પડેલા જે આજે 'બિંદુસરોવર' તરીકે મનાય છે. પરશુરામે પણ પોતાની માતાનું શ્રાધ્ધ આ પવિત્ર સ્થળે કરેલું.

જે પુરષ શ્રાધ્ધ કરે તે નીરોગી થાય છે અને પુણ્યવાન તથા ધનવાન થાય છે. જેમ પોતાની માતાથી જુદો પડેલો વાછરડો ઘણી ગાયોમાં પોતાની માતાને જ ઓળખી જાય છે તેમ પોતાના પિતૃઓને નિમિત્તે આપેલુ શ્રાધ્ધ તેઓને જ મળે છે.અર્થાત્ વાછરડો તેની માતા પાસે જ જાય છે તેમ શ્રાધ્ધ પણ અપાયેલાને જ મળે છે. જો પોતાના પિતા શુભ કર્મોને કારણે સ્વર્ગમાં દેવ થયા હોય તો શ્રાધ્ધમાં આપેલું અન્ન અમૃત થઈ જાય. દેવલોકમાં દેવ થયેલા પિતાને મળે છે. તે મનુષ્ય થયા હોય તો અન્નરૂપે પ્રાપ્ત થાય છે. પશુયોનિમાં પોતાના પિતા ગયા હોય તો શ્રાધ્ધ ઘાસ રૂપે તેને મળે છે. અને સર્પયોનિમાં ગયા હોય તો શ્રાધ્ધ વાયુરૂપે મળે છે. જો આપણા પિતા આદિમુક્ત જ થઈ જાય અને શ્રાધ્ધ કરવામાં આવે તો તેનું ફળ પુણ્યરૂપે શ્રાધ્ધ કરતા યજમાનને પ્રાપ્ત થાય છે.

શ્રીજી મહારાજ પણ સર્વાવતારનાં અવતારી હોવા છતા વેદના ધર્મના જતન માટે આપણને શિખવાડવા માટે પોતાના માતા પિતા ધર્મદેવ-ભક્તિમાતા તેમનું શ્રાધ્ધ કરતા. તેથી શ્રદ્ધાથી છે.

# સંસ્થા તથા સત્સંગ સમાચાર

## સંસ્થા સમાચાર

**અખંડ ધૂન કરવા આવતા ભક્તજનોએ ધ્યાનમાં લેવું.**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલમા સર્વાવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજ એવં લક્ષ્મીનારાયણ આદિ દેવોના સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન ચાલે છે જેના પાંચ વર્ષ પૂર્ણ થાય છે. અખંડ ધૂનમાં આવતા હરિભક્તોનું સ્વાગત પ્રબોધિની મહોત્સવમાં દેવોના પાટોત્સવ પ્રસંગે કારતક સુદ-૧૨ ના રોજ મહોત્સવ સ્થળ પર રાખવામાં આવેલ છે. તો અખંડ ધૂનમાં આવતા જે તે ગામના હરિભક્તોએ ખાસ ધ્યાનમાં લેવું.

**"શ્રીકૃષ્ણભગવાનના જન્માષ્ટમી આદિક દિવસે વ્રત તથા ઉત્સવો કરવા"** એવી શ્રી હરિની આજ્ઞા અનુસાર શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાનને આંગણે ઉપાસ્ય સ્વરૂપ શ્રી હરિકૃષ્ણમહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ આદિ દેવોના સાનિધ્યમાં એવં વડતાલ પિઠાધિપતી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા આ.કો.શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી આદિક સંતો તથા હજારો હરિભકતોની ઉપસ્થિતિમાં "શ્રીકૃષ્ણ જન્માષ્ટમી" મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એ આરતી ઉતારી હતી. તથા મહોત્સવનો લાભ લેવા પધારેલ ભકતજનોની ઉપર સાકર તથા ચોકલેટ વર્ષા કરી હતી.

**શ્રી ગણેશ ચતુર્થી મહોત્સવ,** "ભાદરવા સુદ ચતુર્થી ને દિવસે ગણપતિની પૂજા કરવી" આવી શ્રી હરિની આજ્ઞાને અનુસાર વડતાલમંદિરમાં શ્રીહરિ સ્થાપિત શ્રી ગણપતિજીની પૂજા પૂ.આચાર્ય મહારાજશ્રી એ કરી હતી. તથા મંદિરમાં ક્ષણ પૂર્તિ ગણપતિની સ્થાપના કરી પૂજા કરવામાં આવી હતી.

જળ જીલણી મહોત્સવ વડતાલ ધામને આંગણે ધામધૂમ પૂર્વક જળ જીલણી મહોત્સવ ભાદરવા સુદ - ૧૧ ના દિવસે ઉજવવામાં આવ્યો હતો. સર્વપ્રથમ મંદિરમાં દેવોની સાનિધ્યમાં લાલજી તથા ગણપતિજીનું પૂજન આચાર્ય મહારાજશ્રી એ કર્યું હતું. મંદિરથી શોભાયાત્રા નીકળી હતી જેમાં સોનાની પાલખીમાં લાલજી તથા ગણપતિજીની મૂર્તિ પધરાવી સંતોએ તથા ભકતોએ તે પાલખી નિજ ખભા પર લઈ ભકિતભાવ વ્યકત કર્યો હતો. આ શોભાયાત્રામાં પૂ.આચાર્ય મહારાજશ્રીની સાથે અનેક સંતો તથા ભકતો જોડાયા હતા. તથા ગામોગામથી ટ્રેકટરો શણગારી ભકતજનો શામેલ થયા હતા. શોભાયાત્રા ગોમતી સરોવર પર પધારતા ત્યાં બંને મૂર્તિઓનું પુનઃ પૂજન કરવામાં આવ્યું હતું ગોમતી સરોવરમાં આવેલ પ્રસાદીના કૂવામાં જળ જીલાવવામાં આવ્યું હતું તથા પાંચ આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ગણપતિજીની મૂર્તિ જળમાં પધરાવવામાં આવી હતી.

**શ્રી સ્વા.મંદિર વડતાલ સંસ્થાન દ્વારા વડતાલ ગામમાં R.C.C. રોડનો શુભારંભ.** ઈષ્ટદેવશ્રી હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ આદિ દેવોની કૃપાથી એવં વડતાલ પિઠાધિપતી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ તેમજ વડતાલ ટેમ્પલ બોર્ડવતી મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજી સ્વામીના આયોજનથી વડતાલ ગામમાં આણંદ-નડિયાદ રોડ પર આવેલ ત્રણ દરવાજાથી મંદિર સુધી તેમજ ગોમતી સરોવર સુધી અને ગોમતી સરોવરની ફરતે **R.C.C.** રોડ બનાવવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. રોડની વચ્ચે સ્ટ્રીટ લાઈટ સાથે ડિવાઈડર તથા ચારેક જેટલા સર્કલ તેમજ રોડની બંને બાજુ વૃક્ષો વાવી હરિયાળી શોભા બનાવવામાં આવશે. આ રોડનું કામ જોવા પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મુખ્ય કોઠારી નિલકંઠચરણદાસજી સ્વામી આ.કો.શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી સહિત સંતો પધાર્યા હતા. સમાજસેવાનું આ કાર્ય જોઈ પૂ. આચાર્ય મહારાજ પ્રસન્નતા વ્યકત કરતા અહોભાવના વ્યકત કરી હતી.

## ૩૭ મો વાર્ષિક મહોત્સવ (મુંબઈ-૨, ભૂલેશ્વર)

અ.નિ. પ.પૂ.સ.ગુ. શા. શ્રી ચતુર્ભુજદાસજી દ્વારા સં. ૨૦૩૦ ના શ્રાવણ વદ-૮ ના રોજ સ્થાપિત શ્રી સ્વામિનારાયણ બાળસંસ્કાર મંડળનો ૩૭ મો વાર્ષિક મહોત્સવ તા. ૨૮-૮-૨૦૧૧ ના રવિવારે ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો.

આ ઉત્સવના પ્રમુખસ્થાને મુંબઈ મંદિરના કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ. શા. શ્રી સંતદાસજી તથા અતિથિવિશેષ સ્થાને મંદિરના બ્રહ્મચારી મહારાજ શ્રી રામકૃષ્ણાનંદજીની વરણી કરવામાં આવી હતી. તથા આમંત્રણને માન આપીને વડતાલથી શ્રી બાળધૂન મંડળના પ્રણેતા પ.પૂ.સ.ગુ. શા. શ્રી બાલકૃષ્ણદાસજી તથા શા. શ્રી આનંદપ્રસાદસ્વામી પધાર્યા હતા. સમગ્ર ઉત્સવનુ સંચાલન પ.પૂ.શા. શ્રી નારાયણચરણદાસજીએ કર્યુ હતુ.

આ ઉત્સવમાં નાના બાળકો દ્વારા પ્રાર્થના, વક્તૃત્વ (પ્રવચન), પ્રશ્નોત્તરી-અંતાક્ષરી, નાટક જેવા કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. અંતમાં સંતો દ્વારા બાળકોની આશીર્વાદ તથા ઈનામની ભેટ આપવામાં આવી હતી.

## હિંડોળા સુવર્ણ જયંતિ મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર મેતપુરના આંગણે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી, અ.નિ.સ.ગુ. શા. કૃષ્ણજીવનદાસજી,

અ.નિ.સ.ગુ.કો.શ્રી મોહનપ્રસાદદાસજીના દિવ્ય આશીષથી, સ.ગુ.શા.બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી તથા સ. ગુ. શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી તથા સંત મંડળના માર્ગદર્શન હેઠળ હિંડોળા સુવર્ણ જયંતિ મહોત્સવનું આયોજન તા-૦૭-૦૮-૧૧ થી ૧૫-૦૮-૧૧ શ્રાવણમાસમાં કરવામાં આવ્યું હતું. આ હિંડોળાઓ વિવિધ પ્રકારના નંગ, મોતી, ઝવેરાત તથા થરમોકોલની વિવિધ ડીઝાઈનમાં વિવિધ હિંડોળાઓ બનાવવામાં આવ્યા હતા. આ હિંડોળાનું ઉદ્‌ઘાટન તા.૦૭-૦૮૧૧ ના શ્રાવણ સુદ-૯ ના દિવસે પ.પૂ. મોટા લાલજી સૌરભપ્રસાદદાસજી મહારાજના વરદ્હસ્તે રાખવામાં આવ્યું હતું. તા.૧૪ના રોજ સત્સંગ સમાજના આમંત્રણને માન આપી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ , ચેરમેનશ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી,આ.કો.શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી,પ.પૂ.શા.બાલકૃષ્ણદાસજી સ્વામી, કે.એન.શાસ્ત્રી, આનંદ સ્વામી, પી.પી.સ્વામી, વિશ્વપ્રકાશ સ્વામી, વગેરે ઘણા સંતો પધારી મેતપુર સત્સંગ સમાજને તથા આયોજકોને બિરદાવી આશીર્વાદ આપ્યા હતા.મેતપુર સત્સંગ સમાજના આગેવાન હરિભકતો શ્રી કાંતિભાઈ, બંસીભાઈ, ભગવતીભાઈ, અરવિંદભાઈ, રમણભાઈ, શ્રીશંકરભાઈ વગેરેએ પૂજય આચાર્ય મહારાજશ્રી અને સંતોનું સ્વાગત તથા પૂજન કર્યું હતું. અંતમાં પૂજય આચાર્ય મહારાજ તથા સંતોએ હિંડોળામાં ઝુલતા હરિવરની પૂર્ણાહુતિની આરતી ઉતારી દર્શન કરાવ્યા હતા.




॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री**
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ५२/२०५७

ता. १४-०५-२०११

પ.ભ.પુરાણી સ્વામી શ્રીવિષ્ણુપ્રકાશદાસજી

આપના મંડળ દ્વારા અ.નિ.સ.ગુ.સ્વામી શ્રીકૃષ્ણજીવનદાસજી (અથાણાવાળા સ્વામી) ની સ્મૃતિ માં વડતાલધામ માં પ્રગટ બિરાજતા શ્રી હરિકૃષ્ણમહારાજ શ્રીરાધાકૃષ્ણ દેવ ના શિખર ને સુવર્ણ થી મંડિત કરવાનો જે શુભ સંકલ્પ કરેલ છે તે જાણીને અમોને ખૂબ આનંદ થયો છે. આથી સર્વે ભક્તજનો ને ભલામણ કરીએ છીએ કે સુવર્ણ શિખર ની સેવાનો અવસર જ્યારે શ્રી હરિ ની કૃપા થી પ્રાપ્ત થયો હોય ત્યારે આ શુભકાર્ય માં સર્વ પ્રકારે સેવા કરી મહારાજ નો રાજીપો પ્રાપ્ત કરશો.

રાકેશપ્રસાદ

આચાર્ય મહારાજશ્રી



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



અ.નિ.પ.પૂ.સ.ગુ. શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી (અથાણાવાળા સ્વામી)

**:: સંપર્ક ::**

પ.પૂ. સંતસ્વામી - 09427548087

પ.પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - 08511151703

પ.પૂ. શા. હરિપ્રકાશદાસજી સ્વામી - 08511151702

પ.પૂ. રામદાસ સ્વામી (U.S.A.) +1 908-566-8622

સ્વામિનારાયણ સંપ્રદાયના કેન્દ્રસ્થાને આવેલ વડતાલને આંગણે

# અમૂલ્ય સુવર્ણ અવસર

કિંચિત નિવેદન,

સ્વયં અક્ષરધામાધિપતિ પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પોતે જ પૃથ્વી પર વડતાલમાં "પ્રત્યક્ષ શ્રી હરિકૃષ્ણ મહારાજ" એવા નામે મૂળ સ્વરૂપે બિરાજે છે. એજ મંદિર, એજ શિખરને અમારા ગુરુ પૂજ્ય પુજારી સ્વામી કૃષ્ણજીવનદાસજી અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં સુવર્ણ મંડીત કરવા નક્કી કર્યું છે તો સર્વે સંતો, ભક્તો અને પૂજ્ય આચાર્ય મહારાજના આશિર્વાદથી એ સેવાનો અવસર અમને મળ્યો છે. તો સેવામાં સાથ સહકાર આપી જીવન અને લક્ષ્મીને ધન્ય કરવા નિમિત બનો એજ અભ્યર્થના


લી. પુરાણી વિષ્ણુપ્રકાશદાસ તથા સર્વે સંત મંડળના જય સ્વામિનારાયણ

## સુવર્ણ શિખરના અલભ્ય લાભો

**સુવર્ણ શિખરના મુખ્ય યજમાનશ્રી**
રૂા. ૫૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકાવન લાખ)

**સુવર્ણ શિખરના સહયજમાનશ્રી**
રૂા. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ)

## સુવર્ણ શિખરમાં આવતી ઘુંમટીઓ



| | | |
|---|---|---|
| (૧) ૪ નંગ. મોટી ૧ ઘુંમટીના | રૂા. ૧૧,૦૦,૦૦૦/- | (રૂપિયા અગિયાર લાખ) |
| (૨) ૪ નંગ. મીડીયમ ૧ ઘુંમટીના | રૂા. ૫,૦૦,૦૦૦/- | (રૂપિયા પાંચ લાખ) |
| (૩) ૨૪ નંગ. નાની ૧ ઘુંમટીના | રૂા. ૨,૫૧,૦૦૦/- | (રૂપિયા બે લાખ એકાવન હજાર) |
| (૪) ૮ નંગ. સૌથી નાની ૧ ઘુંમટીના | રૂા. ૧,૫૧,૦૦૦/- | (રૂપિયા એક લાખ એકાવન હજાર) |
| (૫) ૧ ફુટ X ૧ ફુટના | રૂા. ૧૧,૦૦૦/- | (રૂપિયા અગિયાર હજાર) |
| (૬) ૦.૫ ફુટ X ૦.૫ ફુટ ના | રૂા. ૫,૦૦૦/- | (રૂપિયા પાંચ હજાર) |

## આશરે એસ્ટીમેન્ટ - ૪.૫ થી ૫ કરોડ સુધી

**નોંધ**

આ અવસર પર આર્થિક રીતે સેવા કરનારને વડતાલ મંદિરની પાકી પહોંચ (પાવતી) આપવામાં આવશે.

શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન વતી પુરાણી સ્વામી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી (અથાણાવાળા)

*શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલ, મુ.પો. વડતાલ - ૩૮૭૩૭૫. તા. નડીયાદ, જી. ખેડા. મો. ૦૯૩૭૪૫૩૨૧૦૯*

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પધારો વડતાલ** **પધારો વડતાલ**



શ્રી હરિકૃષ્ણ મહારાજ
વડતાલધામ

તીર્થરાજ વડતાલધામને આંગણે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮
શ્રી રાકેશપ્રસાદજી મહારાજના અધ્યક્ષ સ્થાને
**તપોનિધિ અખંડ ભજનાનંદિ પ.પૂ.સદ્.**
**શ્રી પુજારી કૃષ્ણજીવનદાસજી (અથાણાવાળા સ્વામી)**



# સ્મૃતિ મહોત્સવ

વડતાલ-૨૦૧૧

## શ્રીમદ્ સત્સંગિજીવન
## કથા પારાયણ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



પ.પૂ.સદ્. પુજારી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી

**આ મહોત્સવમાં દરરોજ સંપ્રદાયના**
**મૂર્ધન્ય વક્તાશ્રીઓ કથા-વાર્તાનો લાભ આપશે**

# તા. ૪ થી ૧૦ નવેમ્બર, ૨૦૧૧

**કથા સમય :- સવારે :- ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે, બપોરે :- ૩-૦૦ થી ૬-૦૦ કલાકે**

**આયોજક :- પ.પૂ.સ.ગુ. શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)**

**કથા સ્થળ :- ગોપાળાનંદ સ્વામી ભુવન, નવી ધર્મશાળા - વડતાલ**

# માસિક ભેટ નામાવલિ - ઓગષ્ટ-૨૦૧૧

| | | |
|---|---|---|
| ૧૦૧ | શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ - વીણા | નવું હોન્ડા લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧ | સ્વ. રતીલાલ ડાહ્યાભાઈ ઠાકોર - વિદ્યાનગર | |
| | હ. સંજય આર. ઠાકોર | તેમના મોક્ષાર્થે |
| ૧૦૧ | શ્રી વત્સકુમાર અશોકભાઈ બારોટ | |
| | હ. પા. મયુર ભગત - અમદાવાદ | એન્જી.માં એડમીશન મળ્યુ તે નિમિત્તે |
| ૧૦૦ | ગં.સ્વ. જયાબેન શનુભાઈ પટેલ - ઉંમરવા | ચિ. ધૃવિત બી.ઈ. કોમ્પ્યુટરના ત્રીજા વર્ષમાં પાસ થયા તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી પા. દિનુભગત ગુ.કો. આશાભગત - સડથલાવાળા-વડતાલ | |
| | શા. જયકૃષ્ણદાસજી (વંઢાવાળા)ને ત્યાંથી | ઝેરી નાગ પકડ્યો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી પા. દિનુભગત ગુ.કો. આશાભગત - સડથલાવાળા - વડતાલ | |
| | સંજાયાના અલ્પેશભાઈ એચ. મિસ્ત્રીના ઘેરથી | ઝેરી સાપ પકડ્યો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી હેમંતકુમાર નવિનચંદ્ર સુથાર | |
| | હ. પા. દિનુભગત - સડથલાવાળા - નાવલી | નાગપાંચમી નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી મહેશભાઈ આર. જોષી - વડતાલ | |
| | હ. પા. ભરત ભગત ગુ.કો. ઘનશ્યામ સ્વામી | સુરભી ગીત સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી પા. દિનુભગત ગુ.કો. આશાભગત - સડથલાવાળા - વડતાલ | |
| | બામરોલીના અરવિંદસિંહ ઉદેસિંહ પરમારના ઘેરથી | ઝેરી નાગ પકડ્યો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી વનરાજગિર મહેશગિર ગોસાઈ | |
| | હ. રામસ્વામી - બંગલાવાળા - કોઠારા | નવું બાઈક લાવ્યા તે નિમિત્તે શ્રી લક્ષ્મી. દેવની પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રી પ્રિતેશભાઈ ભરતભાઈ પટેલ - સોજીત્રા | નોકરી મળી તે નિમિત્તે દેવોની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી પૂજન મહેશભાઈ પટેલ - પિપળાવ | શ્રી હરિકૃષ્ણમહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી સ્વ. હસમુખભાઈ ભાઈલાલભાઈ બારોટ | |
| | હ. કૈલાસબેન (સુરત) - સીંજીવાડા | તેઓના મોક્ષાર્થે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રી હર્ષદભાઈ ભીખાભાઈ પટેલ - સંજાયા | નવી 'હોન્ડાસીટી' ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦ | લીલાબેન - સુરત | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૫૦૧ | શ્રી વિઠ્ઠલભાઈ મોતીભાઈ પટેલ - પેટલી | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી ભાવિકકુમાર અંબાલાલ પટેલ | |
| | હ. યોગીની પટેલ - ગોધરા | જન્મ દિવસ તા. ૯/૮ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૦૧ | શ્રી ભીખાભાઈ છગનભાઈ કનસાડવાળા - સુરત | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી મિતેશ રસિકલાલ પંચાલ - વણાકબોરી (થર્મલ) | બી.ઈ. ઈલેકટ્રીક એન્જીનીયરમાં સારા ટકાથી પાસ થયા તે નિમિત્તે |
| ૧૦૦ | શ્રી ખંડુભાઈ બાલુભાઈ - નવસારી | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી ચંદુભાઈ એસ. પટેલ (વાયરમેન) - વડતાલ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી સુરેશભાઈ દેસાઈભાઈ પટેલ - સડથલા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી વૈષ્ણવીબેન મુકેશભાઈ પટેલ - હાલોલ | ધોરણ-૧૨ માં પાસ થયાં તે નિમિત્તે |
| ૨૦૧ | શ્રી જ્યોતિષી ચંપકલાલ ઠાકોરદાસ - સુરતવાલા - નવસારી | વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી ક્રિષ્ણા સોની - મુંબઈ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી વસંતબેન નરોત્તમદાસ સોની - મુંબઈ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી દિનેશભાઈ આશાભાઈ પરમાર - બામરોલી | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૧૧ | શ્રી મીઠાલાલ કાલીદાસ કાબરાવાળા - દાહોદ | નવા મકાનના બાંધકામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે નિમિત્તે |

| | | |
|---|---|---|
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ પ્રવિણભાઈ સુથાર - સાવલી | અ.નિ. પ્રવિણભાઈ વિઠ્ઠલભાઈના સ્મરણાર્થે |
| ૧૫૧ | શ્રીમતી તૃપ્તીબેન મહેશભાઈ ઠક્કર - મુંબઈ | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૦૦ | શ્રી વિનોદભાઈ છોટાભાઈ પટેલ - ઢાજેશ્વર | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ભૂપેન્દ્રકુમાર ગીરધરભાઈ ચૌહાણ - વલાસણ | ચિ. પરિમલ ધો-૧૨ માં પ્રથમ નંબરે પાસ થયો તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રીમતી ગીતાબેન જગદીશભાઈ પટેલ - નડિયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કાું. હ. સુરેશભાઈ કે. પટેલ - વલેટવા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી ભાર્ગવ જતીનભાઈ પટેલ - કપડવંજ | એન્જીનીયરીંગ કોલેજમાં એડમીશન મળ્યુ તે નિમિત્તે |
| ૧૦૦ | શ્રી દિપેનભાઈ સુરેશભાઈ પરસોત્તમભાઈ પટેલ - કરમાલ | યુ.એસ.એ. માં નોકરી મળી તે નિમિત્તે |
| ૧૦૦ | શ્રીમતી હંસાબેન હસમુખભાઈ પટેલ - ભરૂચ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦૧ | શ્રી ઘનશ્યામભાઈ એસ. પટેલ (સંધાણાવાળા) - નડિયાદ | નવી દુકાન રાખી તે નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી સમીર મૂળજીભાઈ પટેલ - દાંદા | શ્રી લક્ષ્મીનારાયણ દેવ/શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રીમતી ભૂમિકાબેન પ્રકાશચંદ્ર પટેલ - ભરૂચ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રીમતી પ્રિયંકાબેન ભરતભાઈ પંચાલ - જંબુસર | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રીમતી પ્રવિણાબેન પંચોલી - વડોદરા | રક્ષાબંધન પ્રસંગે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી સૂર્યકાંત સોમાભાઈ પટેલ - પંડોળી | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રી મોહનભાઈ મનુભાઈ રાય - મોટા કરાળા | નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે શ્રી લક્ષ્મી. દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી વિશાલ લક્ષ્મીકાંત સોની - વડોદરા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ભાવિક અંબાલાલ પટેલ - ગોધરા | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૫૦૧ | શ્રીમતી દિશાબેન યોગેશભાઈ રામાણી હ. વેદાંત - મુલુન્ડ-મુંબઈ<br>જન્મ દિવસ (૧૫/૮) નિમિત્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી સુશીલાબેન જશભાઈ પટેલ - જીંટોડીયા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી સુશીલાબેન જશભાઈ પટેલ- જીંટોડીયા | કુશ તથા રિધ્ધિના જન્મ દિવસ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી કનુભાઈ બાપુભાઈ પટેલ - સાંકળદા | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રી જીતેન્દ્રકુમાર દામોદરદાસ સુથાર<br>હ. ભૂપતભાઈ વાસણવાળા - વડતાલ | અ.નિ. પૂ. પિતાશ્રીની પૂણ્યતિથી શ્રાવણ વદ-૨ નિમિત્તે |
| ૧૦૧ | શ્રી દિલીપભાઈ ડાહ્યાભાઈ ઠક્કર - ભાદરવા | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી અશોકભાઈ ઈશ્વરભાઈ પટેલ - વડતાલ | ચિ. હાર્દિકકુમારે કેનેડાની PR ની ફાઈલ મૂકી તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી રણછોડભાઈ કેશવલાલ સોની - નવસારી | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૫૦૧ | શ્રી કિરીટકુમાર જેઠાલાલ ટેલર - વડોદરા | પોસ્ટખાતામાં નોકરી મળી તે નિમિત્તે શ્રી લક્ષ્મી. દેવની પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રી પ્રજ્ઞેશભાઈ જયરામભાઈ પટેલ - વિદ્યાનગર | નવી ગાડી મારૂચી ફ્ન્ટી લાવ્યા તે નિમિત્તે |
| ૧૧૧ | શ્રી વિનોદચંદ્ર પ્રવિણચંદ્ર મહેતા (ચશમાવાળા) - નવસારી | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ રાવજીભાઈ પરમાર - મહુડિયાપુરા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી પરમાર નંદાબેન રાવજીભાઈ તથા પરિવાર - મહુડિયાપુરા | નવું બાઈક લાવ્યા તે નિમિત્તે, શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી ભાવનાબેન દિક્ષિતભાઈ રાય - નડિયાદ | ક્ષી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી દિક્ષિતભાઈ એચ. રાય - નડિયાદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ રાવજીભાઈ રાય - નડિયાદ | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી સરોજબેન કિરીટભાઈ રાય - નડિયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી મિહીર દિલીપભાઈ રાય - નડિયાદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી ભાવનાબેન દિક્ષિતભાઈ રાય - નડિયાદ | શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી ડીમ્પુબેન મનોજભાઈ પટેલ - કરમસદ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ચિંતનકુમાર યોગેશભાઈ પટેલ<br>(હ. સંજના યુ. પટેલ - લંડન) - સુરત | જન્મ દિવસ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે |

| | | |
|---|---|---|
| ૧૦૦ | શ્રી નગીનભાઈ છગનલાલ દેસાઈ - રાજપીપળા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૨૫૧ | શ્રી રાજેશકુમાર ભાનુભાઈ પટેલ - સંધાણા<br>શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે | નવી ''વેગન-આર'' ગાડી લાવ્યા તે નિમિત્તે |
| ૧૫૧ | શ્રીમતી સંજનાબેન યોગેશકુમાર પટેલ - યુ.એસ.એ.<br>ચિ. ચિંતનના જન્મ દિવસ પ્રસંગે | હ. પા. દિનુભગત એ. સડથલાવાળા |
| ૧૦૧ | શ્રીમતી મીતાબેન રાજેન્દ્રકુમાર પટેલ - ધનસુરા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી દેવકુમાર જયેશભાઈ પરમાર - રાજુલા | જન્મદિવસ પ્રસંગે શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી ભાવેશ પોપટભાઈ મિસ્ત્રી - મસ્કત | નવું કામ અપાવ્યું તે નિમિત્તે શ્રી લક્ષ્મી. દેવની પ્રસન્નાર્થે |
| ૧૧૧ | શ્રી દેવજીભાઈ મગનભાઈ પ્રજાપતિ<br>ભાણેજ ચિ. પ્રિન્સના જન્મદિવસ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે | માતર |
| ૩૦૧ | શ્રી ઘનશ્યામભાઈ રાવજીભાઈ પટેલ - મેધવા | નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે શ્રી લક્ષ્મી. દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૦ | શ્રી દામજીભાઈ ભાણજીભાઈ ચાંદેગરા - વિરડી | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૫૧ | શ્રી રમાબેન પરભાશંકર જોશી - હળવદવાળાં - ડાકોર | શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રીમતી જોલીબેન જગદીશભાઈ સોની - કાલોલ | એમ.એ. (બીજા વર્ષ)માં પાસ થયા તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રીમતી વૈશાલીબેન જગદીશભાઈ સોની - કાલોલ | એમ.એ. પાર્ટ-૧ માં પાસ થયા તે નિમિત્તે |
| ૧૦૧ | શ્રી હિતાર્થ મેહુલકુમાર સોની - કાલોલ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી જીજ્ઞેશ ભૂપેન્દ્રભાઈ પટેલ - કંડારી | નવું મકાન લીધું તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૫૦૧ | શ્રી હર્ષવદન શંકરલાલ ભટ્ટ - શ્રીકોઠી | વડતાલવાસી શ્રી લક્ષ્મી. દેવ/શ્રી હરિ.મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી અમરસંગ રઈજીભાઈ પઢીયાર - ગામેઠા | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી પરસોત્તમભાઈ કાશીભાઈ રાય હ. કનુભાઈ - ડાકોર | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રસન્નાર્થે |
| ૧૦૧ | શ્રી સિધ્ધાર્થ યોગેશકુમાર ભટ્ટ - પોર (બળીયાદેવ) | શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રસન્નાર્થે |
| ૧૨૧ | શ્રી મનુભાઈ રામભાઈ સોલંકી<br>હ. પા. દિનુભગત એ. - સડથલાવાળા - પાડગોલ | ઘરમાંથી ઝેરી નાગ પકડ્યો તે નિમિત્તે |

# અંકના ગ્રાહક બનો અને બનાવો

## અંક વાંચો અને વંચાવો

### ગ્રાહકો માટે ખાંસ નોંધ

શ્રી વડતાલધામ સત્સંગ માસિકના જે ગ્રાહકોના સરનામા બદલાયા હોય અથવા બદલવાના હોય તેમણે જે તે સમયે માસિક કાર્યાલય પર રૂબરુ,પત્ર અથવા ફોન પર સંપર્ક કરી દર મહિનાની તા-૩૦ સુધીમાં ગ્રાહક નંબર જણાવી સુધારો કરાવવો. જે ગ્રાહકોનું વાર્ષિક લવાજમ પુરુ થતું હોય તેમણે આગળના અંક મેળવવા માટે સત્વરે લવાજમ ભરી દેવું.









## શ્રી સ્વા.મંદિર મેતપુરમાં હિંડોળા સુવર્ણ મહોત્સવની ઉજવણી



શ્રી સ્વા.મંદિર વડતાલમાં ગણપતિ સ્થાપના પૂજનવિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વા.મંદિર દ્વારા વડતાલ ગામમાં આર.સી.સી.રોડના બાંધકામને નિહાળતા પ.પૂ.આચાયશ્રી તથા મુખ્ય કોઠારીશ્રી

## શ્રી સ્વા.મંદિર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ નૂતન વર્ષના કેલેન્ડર



**નૂતન વર્ષના કેલેન્ડરની નોંધણી સત્વરે નોંધાવી સત્વરે મેળવો આપના ઘરની દિવાલો તથા ઓફિસોને શોભાયમાન બનાવો**

### ધંધાલક્ષી જાહેરાત માટે

શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલ સંસ્થાન દ્વારા પ્રકાશિત શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવના નૂતન કેલેન્ડરમાં જે હરિભક્તોને પોતાના ધંધા-વ્યવસાયલક્ષી જાહેરાત છપાવવી હોય તો આજે જ સંપર્ક કરી નોંધાવવું. વહેલા તે પહેલાના ધોરણે જેટલા નંગ જોઈશે તેટલા આપવામાં આવશે. શ્રી હરિકૃષ્ણ મહારાજના કેલેન્ડર નંગ-૧ રૂા. ૫/-, શ્રી લક્ષ્મીનારાયણ દેવ કેલેન્ડર નંગ-૧ રૂા. ૬/-

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to. 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th of every month.



શ્રી વડતાલધામને આંગણે ઉજવાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવની તસ્વીરો



શ્રી વડતાલધામને આંગણે ઉજવાયેલ જળ ઝીલણી ઉત્સવની તસ્વીરો



તા.૪–૯–૧૧ ના રોજ વડતાલ ટેમ્પલ બોર્ડ દ્વારા શ્રી કષ્ટભંજનદેવશ્રી સારંગપુર મુકામે વડતાલ સંસ્થાન તાબાના તમામ કોઠારીશ્રીઓ અને કર્મચારીઓની મિટીંગની તસ્વીરો.